Reg. No. B. 876

શ્રીજૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગના હિતાર્થે પ્રકટ થતું

सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥

# બુદ્ધિપ્રભા.

( LIGHT OF REASON. )

વર્ષ ૨ જું. અંક ૩ જો. જુન. સને ૧૯૧૦.

नाहं पुद्गलभावानां कर्त्ता कारयिता न च ।
नानुमन्तापि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम् ॥

પ્રગટકર્ત્તા,

અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

---

વ્યવસ્થાપક,

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ;

નાગોરીસરાહ-અમદાવાદ

વાર્ષિક લવાજમ-પોસ્ટેજ સાથે રૂ. ૧-૪-૦. સ્થાનિક ૧-૦-૦

અમદાવાદ. શ્રી 'સત્યવિજય' પ્રેસમાં સાંકલચંદ હરીલાલે છાપ્યું.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| આત્માની સહજ દશામાં સ્થિરતા. | ૬૫ | આત્મશક્તિ. ... ... ... | ૮૧ |
| ગુરૂબોધ. ... ... ... | ૬૬ | જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન અને સિદ્ધાંતો. | ૮૭ |
| જીવનનો અનુપમ સંધિ. ... | ૭૧ | કેળવણીનું સત્ય સ્વરૂપ. ... | ૯૨ |
| માર્ગાનુસારીના પાંત્રીસ ગુણ. | ૭૪ | બોર્ડીંગ પ્રકરણ. ... ... | ૯૫ |
| વિદ્યા અને લક્ષ્મીનો સદુપયોગ. | ૭૯ | જીર્ણોદ્ધાર ફંડ. ... ... | ૯૬ |



**યોગનિષ્ટ મુનિશ્રી બુદ્ધિસાગરજી રચિત.**

# ચિંતામણી.

સાણંદની **જૈનોદય બુદ્ધિસાગર સમાજ** તરફથી પ્રસિદ્ધ થએલા આ પુસ્તકમાં ૩૦૭ વચનામૃતોનો સંગ્રહ છે, તે ઉપરાંત કેટલીક ગહુંલીઓ તથા સ્ત્રી ઉપયોગી હિતવચનો છે. વળી અવળવાણીમાં લખાયેલી બે ત્રણ હરીઆળીઓ અર્થ સાથે આપેલી છે. આવું ૮૪ પૃષ્ટનું પુસ્તક ફક્ત બે આનામાં પડે છે. માટે દરેક જૈનને તે વાંચવા ભલામણ કરવામાં આવે છે. અઢી આનાની ટીકટ બીડી મંગાવી લેવું.

---

# ઝવેરી લલ્લુભાઇ રાયચંદ હોમફોર ઇન્કયુરેબલપૉપર્સ.

**અમદાવાદ.**

જે લોકોના રોગ કોઈપણ રીતે મટી શકે તેમ ન હોય, તેવા અસાધ્ય રોગવાળા ગરીબોને મદદ કરવાને ઉપર જણાવેલી ઇસ્પીટાલ તા. ૧૩ જાનેવારી સને ૧૯૦૯ ના રોજ અમદાવાદના મહેરબાન કલેકટર સાહેબને હાથે ખોલવામાં આવી છે. તેને જે કંઈ મદદ આપવામાં આવશે તે આભાર સાથે સ્વીકારવામાં આવશે.

મદદની રકમ નીચેને શીરનામે મોકલી આપવી.

**" બુદ્ધિપ્રભા " ઓફીસ, નાગોરીશરાહ, અમદાવાદ.**

# બુદ્ધિપ્રભા.

(The Light of Reason.)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिग्रहद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय-भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૨ જું. તા. ૧૫ મી જુન સન ૧૯૧૦. અંક ૩ જો.

## આત્માની સહજ દશામાં સ્થિરતા.

જીવડા જાગીને—એ રાગ.

આતમ અનુભવીને ચેતી લેજો, તરવું તારા હાથમાં;
નિમિત્ત હેતુ અનેક તું એક, શિવપુરીના સાથમાં. આતમ. ૧

ચાલ સવળો બાહ્ય ભૂલી, કલેશ સઘળા પરિહરી;
આતમ તે પરમાત્મા છે, શુદ્ધ દૃષ્ટિ આદરી. આતમ. ૨

જ્ઞાનને નિઃસંગતાથી, નિત્ય આનંદ પામવો;
શાતા વેદની જન્ય આનંદ, ક્ષણિક જાણી વામવો. આતમ. ૩

આતમ જ્યોતિ ઝળહળે છે, આત્મ શુદ્ધ સ્વભાવથી;
વસ્તુ ધર્મ તે આત્મા છે, ટળવું જેહ વિભાવથી. આતમ. ૪

વર્ણ જાતિ ભેદ નહિ જ્યાં લિંગનું અભિમાન જી;
નામ રુપથી ભિન્ન આતમ, ચિદાનન્દ ભગવાન. આતમ. ૫

અનંત શક્તિ સ્વામી છે તું, કર તું શક્તિ પ્રકાશજી;
કરગરે તું અન્યને કેમ, ધર તું નિજ વિશ્વાસ. આતમ. ૬
જિન તું છે દીનની અરે, ભાવના ભાવ ન ભવ્યજી;
જેવી વૃત્તિ તેવો તું છે, સિદ્ધ તુંજ કર્તવ્ય. આતમ. ૭
સ્વચ્છંદતાને ત્યાગીને ઝટ, ચાલ શિવપુર પન્થજી.
બુદ્ધિસાગર ચિત્ત નિશ્ચય, નિમિત્તવર ગ્રન્થ. આતમ. ૮

---

# ગુરૂબોધ.

## બ્રહ્મચર્ય.

( લેખક મુનિશ્રી બુદ્ધિસાગરજી. )

પુરૂષોએ અને સ્ત્રીઓએ પરસ્પર સંભોગનો ત્યાગ કરવો તેને બ્રહ્મચર્ય સામાન્યતઃ કહે છે—બ્રહ્મચર્યના બે ભેદ છે. દેશથકી બ્રહ્મચર્ય બીજું સર્વ થકી બ્રહ્મચર્ય—પોતાની સ્ત્રીવિના અન્યસ્ત્રીઓની સાથે મૈથુનનો ત્યાગ કરવો તેને દેશથકી બ્રહ્મચર્ય કહે છે—અને પોતાની તથા પરસ્ત્રીઓની સાથે મૈથુનનો ત્યાગભાવ તેને સર્વથકી બ્રહ્મચર્ય કહે છે. આ બે પ્રકારના બ્રહ્મચર્યને દ્રવ્ય બ્રહ્મચર્ય કહે છે અને પરપરિણતિનો ત્યાગ કરવો તેને ભાવ બ્રહ્મચર્ય કહે છે.

**બ્રહ્મચર્યનું માહાત્મ્ય.**

બ્રહ્મચર્ય પાલન કરવાથી શરીર મજબુત રહે છે—મગજ મજબુત થાય છે—અનેક પ્રકારના રોગ થતા અટકે છે—જગતમાં કીર્તિ થાય છે. દેવતાઓ પણ સાહાય્ય કરે છે—બ્રહ્મચર્યથી વિદ્યાભ્યાસ સારી રીતે થઇ શકે છે—યોગાભ્યાસ અને યુદ્ધાભ્યાસમાં પણ બ્રહ્મચર્યની આવશ્યકતા છે.

**સર્વવ્રતમાં બ્રહ્મચર્યને સમુદ્રની ઉપમા છે.**

અન્ય વ્રતો નદીયો સમાન છે અને બ્રહ્મચર્યવ્રતને તો શાસ્ત્રકાર, સમુદ્રની ઉપમા આપે છે—બ્રહ્મચર્યવ્રતની મહત્તા એટલી બધી છે કે તેને સમુદ્રની ઉપમા આપવામાં આવે તેમાં કંઇ પણ આશ્ચર્ય નથી.

બ્રહ્મચર્યના બળથી મોટાં કાર્યો કરી શકાય છે—એમાં જરામાત્ર સંશય નથી—જે પુરૂષો મૈથુન સેવવામાં

સદાકાળ આસક્ત રહે છે તે ઉત્તમ બ્રહ્મચર્યના ફાયદાઓ જાણી શકતાં નથી બ્રહ્મચર્ય પાળવામાં ધર્મ છે અને મૈથુન સેવવામાં અનેક પ્રકારના દોષો છે મૈથુનમાં અનેક પ્રકારના દોષો જાણવામાં આવે છે ત્યારે બ્રહ્મચર્ય પાળવામાં આવે છે.

## श्लोक

**कम्पः स्वेदः श्रमो मूर्च्छा—भ्रमिर्ग्लानि र्बलक्षयः**
**राजयक्ष्मादि रोगाश्च—भवेयुर्मैथुनोत्थिताः ॥ १ ॥**

કંપ, પસીનો, થાક, મૂર્ચ્છા, ભ્રમ, શરીરની નિસ્તેજ અવસ્થા બળનો ક્ષય, ક્ષય રોગઆદિ અનેક પ્રકારના રોગો મૈથુનસેવવાથી પેદા થાય છે, મોટો બળવાન્ યોદ્ધા પણ મૈથુન સેવવાથી નિર્બળ બને છે; ચાંદિ અને પ્રમેહના રોગો પણ મૈથુન સેવવાથી થાય છે વિદ્યાર્થીઓ કે જે સ્ત્રીની સાથે મૈથુન સેવે છે તેઓ કોલેજોમાં અભ્યાસ કરે છે પણ તેમનું મગજ બગડી જવાથી બરાબર અભ્યાસ કરી શકતા નથી, પ્રાયઃ મૈથુન વિશેષ સેવવાથી ચક્ષુનું તેજ ઘટે છે અને તેથી ચશ્માં રાખવા પડે છે, ચક્ષુનું તેજ ઘટવાનાં અનેક કારણો છે તેમાંથી આ પણ એક કારણ છે. બાળવયમાં છોકરાઓ કુમિત્રની સોબત પામી વેશ્યા તથા પરસ્ત્રીઓની સોબત કરે છે તેમાં તેમના શરીરની ખરાબી થાય છે. જ્યારે તેઓને રોગ થાય છે ત્યારે દાક્તર અને વૈદ્યોનાં ખીસ્સાં ભરાય છે, અને જગતમાં અપકીર્તિ થાય છે, કેટલાક પરમીયાના રોગથી અને ચાંદીના રોગથી પીડાય છે તેમાં મૈથુન દોષજ મુખ્યતાએ હેતુભૂત જણાય છે. કેટલાંક નાનાં બાળકોને તેર ચઉદ વર્ષની ઉમરે પરણાવવામાં આવે છે તેમાંથી કેટલાકને ક્ષય રોગ લાગુ પડયા છે અને તે મરણ પામ્યા છે, માબાપો વ્હાલથી બાળકોને પરણાવે છે પણ અંતે તેમાંથી સારૂ પરિણામ નથી આવતું ત્યારે મા બાપ પશ્ચાતાપ કરે છે, બાળલગ્નથી શરીરની તંદુરસ્તી રહેતી નથી. મગજ ઘડી ઘડીમાં તપી જાય છે. વિદ્યાભ્યાસ પડતો મૂકવો પડે છે. આમ મનુષ્યો જાણે છે છતાં શામાટે બાળલગ્નરૂપ હોમમાં પોતાનાં પુત્ર અને પુત્રીઓને હોમતાં હશે, બાળલગ્નથી કૂળ જ્ઞાતિ ધર્મ અને દેશની પાયમાલી થઇ છે થાય છે અને ભવિષ્યમાં પાયમાલી થશે. મૈથુન સેવનાર પોતેજ કબુલ કરે છે કે તેથી મ્હને અમુક રીતે હાનિ થઇ. હવે મૈથુન સેવવાથી જીવોનો ઘાત થાય છે તે જણાવે છે.

श्लोक

**योनियंत्रसमुत्पन्नाः सुसूक्ष्मा जंतुराशयः**
**पीड्यमाना विपद्यन्ते यत्र तन्मैथुनं त्यजेत्**

સ્ત્રીની યોનિમાં ચક્ષુથી ન દેખાય એવા સૂક્ષ્મ જંતુઓનો જથ્થો ઉત્પન્ન થાય છે. રૂની બનાવેલી નલીમાં તપાવેલા લોખંડના સળીયાને નાખવાથી જેમ રૂનો નાશ થાય છે તેમ મૈથુન સેવતાં સ્ત્રીની યોનિમાં રહેલા જંતુઓનો નાશ થાય છે, અને તે જંતુઓનો નાશ થવાથી હિંસા લાગે છે. કામશાસ્ત્રના રચયિતા વાત્સ્યાયન રૂષિ પણ સ્ત્રીની યોનિમાં સૂક્ષ્મ જંતુઓ ઉત્પન્ન થાય છે એમ માને છે.

श्लोक

**रक्तजाः कृमयः सूक्ष्मा मृदुमध्याधिशक्तयः**
**जन्मवर्त्मसु कंड्वर्तिं–जनयंति तथा विधां ॥ १ ॥**

સ્ત્રીઓની યોનિઓમાંથી રૂધિરથી ઉત્પન્ન થતા મધ્યમ તથા અધિક શક્તિવાળા સૂક્ષ્મ જંતુઓ તેઓની શક્તિ પ્રમાણે અંદર ખરજ ઉત્પન્ન કરે છે અને અંતે મૈથુન સેવવાથી તે જીવોનો નાશ થાય છે.—

હવે જે મનુષ્ય કામજ્વરમાં મૈથુનને ઔષધરૂપ કહે છે તેને કહે છે.

श्लोक

**स्त्रीसंभोगेन यः कामज्वरं प्रति चिकीर्षति**
**स हुताशं घृताहुत्या विध्यापयितुमिच्छति ॥ १ ॥**

જે પુરૂષ સ્ત્રીના સંભોગથી કામજ્વરનો ઉપાય ઇચ્છે છે, તે પુરૂષ અગ્નિમાં ઘી હોમીને તેને ઠારવાની ઇચ્છા કરે છે. કારણ કે કામ જ્વરની શાંતિ માટે તો વૈરાગ્ય ભાવના અને ધર્મશાસ્ત્રોનું શ્રવણ વાચન મનન ઉપયોગી છે અને મૈથુન તો ભવ ભ્રમણ હેતુ છે તે દર્શાવે છે.

श्लोक

**वरं ज्वलदयःस्तंभपरिरंभो विधीयते**
**न पुनर्नरकद्वारं रामाजघनसेवनम् ॥ १ ॥**

બળતા લોખંડના સ્તંભને આલિંગન કરવું ઉત્તમ છે પણ નરકનાં દ્વારરૂપ સ્ત્રીનું જઘન સેવવું ઉત્તમ નથી. પોતાની સ્ત્રીની સાથે પણ હમેશ આસક્ત થવું યોગ્ય નથી ત્યારે પરસ્ત્રીની સાથે તો કેમ મૈથુન સેવી શકાય! પરસ્ત્રીમાં આસક્ત થએલાને શિખામણ આપે છે.

### श्लोक

**भीरो राकुलचित्तस्य दुःस्थितस्य परस्त्रियाम्**
**रतिर्नयुज्यते कर्तु मुपशूनं पशोरिव ॥**

પરસ્ત્રીની સાથે પ્રેમરતિ કરવી તે યોગ્ય નથી કારણ કે તેથી તેણીના પતિ અને રાજાની બીક લાગે છે. આ મને જોઇ ગયો. આ મ્હને જાણશે ઇત્યાદિક ભયથી ચિત્ત આકુલ વ્યાકુલ થાય છે. વલી તે કાર્ય માટે અપવિત્ર સ્થાનમાં શય્યા આસન વિના સુવું બેસવું પડે છે અને તેથી કતરાની નજીકમાં વધ કરવા લાયક પશુ સરખો થાય છે હવે વિશેષતઃ પરસ્ત્રી ગમનનું નિવારણ કરવા માટે કહે છે.

### श्लोक

**प्राणसंदेह जननं परमं वैरकारणं**
**लोकद्वयविरुद्धं च परस्त्रीगमनं त्यजेत् ॥ १ ॥**

પ્રાણના સંદેહને ઉત્પન્ન કરનાર અને પરમ વૈરનું કારણ તેમજ આ લોક અને પરલોક વિરૂદ્ધ એવું પરસ્ત્રીગમન પરિહરવું જોઇએ. પરસ્ત્રીગમન ઉભય લોક દુઃખ કારક છે તે જણાવે છે.

### श्लोक

**सर्वस्वहरणं बंधं शरीरावयवच्छिदां**
**मृतश्चनरकं घोरं लभते पारदारिकः ॥ १ ॥**

આ લોકમાં પરસ્ત્રી સેવનારના ધનનો નાશ થાય છે. અને પકડાય છે તો વધ બંધ કેદખાનું વગેરે દુઃખકારક સ્થિતિ પ્રાપ્ત થાય છે શરીરના નાક કાન વગેરે અંગોનો છેદ થાય છે. અને મૃત્યુબાદ પરલોકમાં નરકમાં અવતાર લેવો પડે છે. કેટલાક વેશ્યામાં આસક્ત થાય છે તેમને ઉપદેશ આપે છે.

### श्लोक

**मनस्यन्यद्वचस्यन्यत् क्रियाया मन्यदेव हि**
**यासां साधारणस्त्रीणां ताः कथं सुखहेतवः ॥ १ ॥**

જેણીઓના મનમાં અન્યપુરૂષ–વચનમાં અન્ય–તથા શરીરની ચેષ્ટાઓમાં પણ અન્ય પુરૂષ હોય છે એવી વેશ્યાઓ સુખના હેતુભૂત શી રીતે થઇ શકે, અલબ્બત થઈ શકે નહીં. વેશ્યાઓના મુખની અસારતા જણાવે છે.

श्लोक

**मांस विश्रं सुरामिश्रमनेकविटचुम्बितं**
**को वेश्यावदनं चुम्बेदुच्छिष्टमिव भोजनं ॥ १ ॥**

જલચર. સ્થલચર પ્રાણિયોનાં માંસ ખાવાથી દુર્ગંધમય તેમજ મદિરાથી વ્યાપ્ત થયેલું એવું જે વેસ્યાનું મુખ તેને એંઠા ભોજનની પેઠ કોણ ચુંબન કરે, વેસ્યાના સંગમાં રહેતાં ધર્મબુદ્ધિનો નાશ થાય છે તે જણાવે છે.

श्लोक

**न देवान्न गुरुन्नापि सुहृदो न च बांधवान्**
**असत् संगरतिर्नित्यं वेश्यावश्यो हिमन्यते ॥ १ ॥**
**कुष्टिनोऽपि स्मरसमान् पश्यंती धनकांक्षया**
**तन्वतीं कृत्रिमस्नेहां निःस्नेहां गणिकां त्यजेत् ॥ २ ॥**

વેસ્યાને વશ થએલ પુરૂષ ખરેખર દેવ ગુરૂ મિત્ર કે બાંધવોને ગણકારતો નથી. તેમના કરતાં વેસ્યાનું કહેલું વિશેષ માને છે—અસત્યને સત્ય માને છે અને સત્ય ને અસત્ય માને છે. કોઢીઆઓને પણ ધનની ઇચ્છાથી કામદેવ સરખા ગણતી અને ઉપર ઉપરના સ્નેહને ધારણ કરતી એવી વેસ્યાનો દૂરથી ત્યાગ કરવો જોઇએ. સીતાએ બ્રહ્મચર્ય પાળ્યું તેમ અન્ય સ્ત્રીઓએ પણ દુઃખના સમયમાં બ્રહ્મચર્ય પાળવું જોઇએ. જે પુરૂષો અને સ્ત્રીઓ મોહના વશથઇ મૈથુનને સેવે છે તે ખરેખર દુઃખની પરંપરાને પામે છે. સીતાને અનેક ધમકીઓ રાવણે આપી તો પણ બ્રહ્મચર્ય વ્રત ભાગ્યું નહિ દ્રૌપદીએ પણ કીચકના પ્રસંગમાં પોતાનું બ્રહ્મચર્યરૂપ ધન જાળવ્યું હતું તેમ સ્ત્રીઓએ બ્રહ્મચર્ય વ્રત પાળવું જોઇએ.—

સ્થૂલિભદ્ર અને સુદર્શન શેઠનાં ચરિત્રો વાંચી પુરૂષોએ પણ બ્રહ્મચર્ય પાળવું. બ્રહ્મચર્ય અમૂલ્ય ચિંતામણી છે—શ્રીયશોવિજયજી ઉપાધ્યાય ભગવાન્ કહે છે કે—

મંત્ર ફલે જગજશ વધે, દેવ કરેરે સાનિધ્ય.
બ્રહ્મચર્ય ધરે જે નરા તે પામે નવનિધ—પાપસ્થાનક—

બ્રહ્મચર્ય ધારણ કરવાથી મંત્ર સાધતાં મંત્રો ફળ આપે છે અને દેવતાઓ સાહાય કરે છે. જે પુરૂષો બ્રહ્મચર્ય ધારણ કરે છે તે નવનિધિ પામે છે, બ્રહ્મચર્ય ચારિત્રનું મૂળ છે—બ્રહ્મચર્યથી સંકલ્પ બળ વૃદ્ધિ પામે

છે—અનેક ઉપદ્રવોનો નાશ થાય છે—ભૂતપ્રેત પિશાચ વગેરે ક્ષુદ્ર દેવતાઓનું જોર રહેતું નથી—બ્રહ્મચર્ય એ મોટામાં મોટો મંત્ર છે—ઉર્ધ્વરેતા પુરૂષ આત્મશક્તિયોનો પ્રકાશ કરી શકે છે—બ્રહ્મચર્યથી ધર્મનો તથા દેશનો ઉદ્ધાર થાય છે. બ્રહ્મચર્ય ધારણ કરનારાઓ અમરપદને પામ્યા છે આત્માના સહજ સુખનો જો વિશ્વાસ હોય તો મૈથુનને કોણ સેવે ? અલબત કોઇ સેવે નહીં—બ્રહ્મચર્ય ઉત્તમ ધર્મ છે. બ્રહ્મચર્ય પાળવામાં કોઇ જાતનું ખર્ચ કરવું પડતું નથી. સુવર્ણનાં દેરાસરો કરાવવા કરતાં પણ બ્રહ્મચર્ય ધારણથી વિશેષ લાભ મળે છે. બ્રહ્મચર્યથી પરમબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.. ॐ **शांति ३**

---

# " जीवननो अनुपम संधि. "

આ જગતમાં આબાળ વૃદ્ધ અનેક મનુષ્યો જીવનનો અનુકૂળ પ્રસંગ ગુમાવી પછી તેની ઉપેક્ષા માટે શોક પ્રદર્શિત કરતા દૃષ્ટિએ પડે છે. યુવકો શિશુ અને કિશોર વયના સોનેરી સમયની અપકવ બુદ્ધિને લીધે ઉપેક્ષા કરે છે, અને પછી તે ઉપેક્ષા માટે ભવિષ્યમાં શોકગ્રસ્ત રહે છે. યુવકો પણ પ્રાપ્ત ઉદ્યોગમાં નિંદ્રાને લીધે કે વ્યવહાર દક્ષતાની ખામીને લીધે પ્રાપ્ત અનુકુળ સંયોગો ગુમાવે છે અને પછી તે સંયોગોની પ્રાપ્તિ માટે વલખાં માર્યા કરે છે. આ જગતમાં એવો સામાન્ય નિયમ દૃષ્ટિએ પડે છે કે સમય અને સંયોગોની સાથે અમુક અમુક બનાવોને મેળ-uniformity હોય છે. અમુક ફળો અમુક ઋતુમાંજ થાય છે. શીત, ઉષ્ણતા, વર્ષાદ આદિ નિયમ પુર્વક આવ્યાં કરે છે. દિવસ અને રાત્રી નિયમ પ્રમાણે થાય છે. બાલ યુવા અને વૃદ્ધાવસ્થા ક્રમશઃ આવે છે. સ્થિતિ અને બનાવો ઉપરાંત મનુષ્યના કાર્ય સામર્થ્યને પણ સમય આદિની સાથે સામ્ય મેળ હોય છે. શિશુ અને કિશોર વયમાં કરવાનો અભ્યાસ યુવાવસ્થામાં થઈ શકતો નથી. શિશુવયમાં ઉદ્દભવતું અવયવોનું ચાંચલ્ય જે જ્ઞાનેંદ્રિય દ્વારા ઉપલબ્ધ થતું જ્ઞાન પ્રાપ્ત કરવામાં સાધનભુત છે તે યુવાવસ્થા સુધી રહેતું નથી. યુવાવસ્થામાં અવયવોનો વિકાસ પૂર્ણ થયેલો હોવાથી ચંચળતા સ્થીર થતી જાય છે આથી તે વય બુદ્ધિ તર્કના વિષયો વિચારવાને માટે અગર ઉદ્યોગાદિ માટે વિશેષ અનુકુળ હોય છે. યુવાવસ્થાની શક્તિ વૃદ્ધાવસ્થામાં ક્ષીણ થવાથી તે વયમાં હુન્નર ઉદ્યોગો થઇ શકતાં નથી. વર્ષાઋતુનો સમય વ્યર્થ ગાળવાથી કૃષિકારના સર્વ નક્કી કરેલા કામોમાં વિક્ષેપ આવે છે. કુદરતનો આ મેળ Uniformity સંબંધ પુર્વક હોય છે. અને સાંકળનો એક અંકોડો તૂટતાં આખી સાંકળ નકામી

થઇ પડે છે, તેમ કુદરતના મેળમાં વિધ્ની આવતાં તેનો સર્વ સંબંધ તુટી જાય છે. આથીજ એ સિદ્ધ થાય છે કે કરવા યોગ્ય કામોનો પ્રારંભ યોગ્ય અવસરેજ થવો જોઇએ. તે સમયે ઉપેક્ષા કરવી અયોગ્ય છે. 'લુહાર લોઢું તપાવીને તેનો ઘાટ ઘડવા માટે ટીપે નહિ ને તેને ઠંડુ પડવા દે તો તેનો શ્રમ વ્યર્થ જાય છે, તેમ જે મનુષ્ય પ્રાપ્ત સંધિ ગુમાવે છે તેનો શ્રમ વ્યર્થ જાય છે. કેટલેક પ્રસંગે એવો લાભ કારક સંધિ પુનઃ પ્રાપ્ત થવો કઠિન અને દુર્લભ થઇ પડે છે. સેંકડો મનુષ્યોને લાભદાયક સંધિ–અનુકુળ તક–ગુમાવવાને માટે દિલગીરીથી ઉચ્ચારણ કરતા ઘણાએ સાંભળ્યા હશે. કોઇ મનુષ્યને અનુકુળતા છતાં અભ્યાસ ન કરવા માટે, કોઇને વ્યાપારની અનુકૂળતા છતાં સુસ્ત રહેવા માટે કોઇને દ્રવ્ય પ્રાપ્તિની અનુકૂળતા છતાં નિરૂદ્યમી રહેવા માટે, કોઇને ઇપ્સિતાર્થનાં સાધનો છતાં તેની ઉપેક્ષા માટે એમ અનેક મનુષ્યોને તેમને પ્રાપ્ત થયેલો ઉપયોગી અવસર ગુમાવવા માટે દિલગીર થતા આપણે જોઇએ છીએ. દલપતરામ કવિ કહે છે કેઃ—

નરસેજ ન બુદ્ધિ વાવરશે,
વરસે વરસાદ મરે તરસે.

અર્થાત્ વરસાદ વરસતો હોવા છતાં પણ બુદ્ધિહીન મનુષ્યો તરસે મરે છે. આપણામાં કહેવત છે કે લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મનુષ્ય મ્હોં ધોવા જાય! આ કહેવતથી પ્રાપ્ત યોગ્ય તકનો લાભ લેવામાં દીર્ઘસૂત્રતા રાખવાથી થતા નુકશાનોનું સૂચન થાય છે. એથી ઉલટું જે મનુષ્યો સંધિનો લાભ લેવામાં સફલ થયા હોય છે, તેઓ મહા ભારી કામો કરી શક્યા હોય છે. સંધિનો લાભ લેવાની ઉપેક્ષા એ એક પ્રકારની તન્દ્રા અથવા આલસ સૂચવે છે; અને એ સત્ય છે કે જે મનુષ્યો ઉત્તમ અને મહાન નિવડેલા છે. તેમનામાં તન્દ્રા અને આળસનો તેમની મહત્તાના પ્રમાણમાં અભાવ હોય છે. શેક્સ્પીઅર કવિ કહે છે કેઃ—

'There is a tide in the affairs of men,
Which taken at the flood leads on to fortune;
Omitted all the voyage of their life,
Is bound in shallows & in miseries;
On such a full sea are we now afloat;
And we must take the current when it serves;
Or lose our ventures.

મનુષ્યના કામકાજમાં અનુકૂળ સંધિ-તક આવે છે; અને જો તે તકનો શરૂઆતથી લાભ લેવામાં આવે તો ભાગ્યદેવી સંતુષ્ટ થાય છે; પરંતુ જો તે તકની ઉપેક્ષા કરવામાં આવે તો તેમને જીવન રૂપી મુસાફરી તંગી અને દુઃખમાં—છાછરા પાણીમાં કરવી પડે છે. રે મનુષ્ય ! જ્યારે આવા જળપૂર્ણ સમુદ્રપર તું તારૂં ( જીંદગી રૂપી ) વહાણ હંકારે છે અને જ્યારે તે તને ઉપયોગી થાય એમ છે તો તારે ( અનુકૂળ ) પ્રવાહનો લાભ લેવો જોઇએ, અગર તો તું તારા સાહસનો લાભ ગુમાવીશ. આથી સિદ્ધ થાય છે કે જ્યારે વ્યવહારમાં પણ અનુકૂલ સાધનોનો લાભ લેવાની ઉપયોગિતા સિદ્ધ થાય છે તો આ મનુષ્ય જન્મ રૂપી દુષ્પ્રાપ્ય અને અમુલ્ય સંધિની ઉપેક્ષા કરવી એ કેવું અયોગ્ય અને અવિચારી કૃત્ય છે. અનેક ભવમાં ભ્રમણ કરી દુર્લભ એવો મનુષ્ય દેહ પામી જે મનુષ્યો જન્મનું સાર્થક ન કરતાં માયા પ્રપંચમાંજ મોહ પામી લુબ્ધ થઇ રહે છે, તેઓ ચિંતામણી રત્ન સમાન મનુષ્ય જન્મ વ્યર્થ ગુમાવે છે. મનુષ્ય જન્મ પ્રાપ્ત થવો અતિ દુર્લભ છે; છતાં ધારો કે મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો તોપણ ઉત્તમ કુળ-ધર્મ આદિની સામગ્રી પ્રાપ્ત થવી બહુ કઠિન છે; છતાં ધારો કે પૂર્વ કર્મના યોગે આ સર્વ પ્રાપ્ત થયું તોપણ ક્ષણિક સુખના આહલાદમાં તે સર્વ દુષ્પ્રાપ્ય સાધન સંપત્તિની ઉપેક્ષા કરવી એ તદ્દન અયોગ્ય છે. આથીજ કહ્યું છે કેઃ—

## કવિત.

એક શ્વાસો શ્વાસ મત ખોઓ પ્રભુનામ બિન,
કીચડ કલંક અંગ ધોઇલે તું ધોઇલે.
ઉર અંધિયારી રેન કછુ ભ્ર ન સુજત.
જ્ઞાનકી ચિરાકે ચિત્ત જોઇલે તું જોઇલે;
માનુષ્ય જન્મ એસો ફિર ન મિલેગો મૂઢ;
પરમ પ્રભુ સેં પ્યારો હોઇ લે તું હોઇ લે;
ક્ષણભંગ દેહતામેં જન્મ સુધારવો હૈ,
બીજકે ઝબુકે મોતી પોઇલે તું પોઇલે. ”

પાપરૂપી પંક અર્થાત્ મળથી હૃદયને શુદ્ધ કરવાને માટે પરમાત્માના શુદ્ધ ગુણોનું સ્મરણ એજ શ્રેષ્ઠ ઉપાય છે; માટે એક ક્ષણ માત્ર પણ સમય તે સિવાય તું જવાદેઇશ નહિ. હે મનુષ્ય! ઘોર રાત્રીના અંધકાર સમાન અજ્ઞાનરૂપી તિમિર તારા ચિત્તમાં વ્યાપવાથી તને કાંઇ સુઝતું નથી; તો જ્ઞાન રૂપી દીપક વડે તારા આત્માને તું નિહાળ ! હે મૂઢ ! આ મનુષ્ય જન્મ

એવો અમૂલ્ય છે કે તે પુનઃ પ્રાપ્ત થવો બહુ દુર્લભ છે, માટે જ્યાં સુધી આ દેહરૂપી સાધન છે ત્યાં સુધી પરમપ્રભુપર દૃઢ પ્રેમ રાખતાં શીખ! આ દેહ ક્ષણભંગુર છે. ક્ષણમાત્રમાં તે વિનાશ પામે તેવો છે. આવા ક્ષણભંગુર દેહ વડે તારે તારા જીવનનું સાર્થક કરવાનું છે, તેથી કવિ કહે છે વિજળીના ચમકારા રૂપી આ એક ક્ષણમાત્ર રહેનાર સંધિમાં—તું મોતી પરોવીલે—અર્થાત્—વિવેકથી યત્નપુરઃસર તારે કરવા યોગ્ય કામ-જે તારા જન્મનું સાર્થક તે-તું કરીલે! આ કાવ્યમાં કવિ ઉત્તમ ઉત્પ્રેક્ષા કરે છે. વિજળીનો ચમકાર માત્ર એકક્ષણ માત્ર રહે છે. પરંતુ તે ક્ષણ માત્રમાં પણ મોતીના ઝીણા છિદ્રને બારીક નજરે નિહાળી પરોવવું તેમાં એકાગ્રતા અને દક્ષતાની જરૂર પડે છે. જો વિદ્યુતના ચમકારાનો એક ક્ષણ માત્ર રહે તેવો સંધિ ગુમાવવામાં આવે તો તે પુનઃ પ્રાપ્ત થતો નથી. આથી વિદ્યુતના ચમકારના બોધથી કવિ દેહની ક્ષણ ભંગુરતાનો બોધ કરે છે. આવો ક્ષણ ભંગુર પરંતુ દુર્લભ દેહ જ્યારે પ્રાપ્ત થયો છે. તો તેનો યથેચ્છ લાભ લેવો એ મનુષ્ય માત્રનું કર્તવ્ય છે. અસ્તુ.

23-5-1910. ડૉ. ભોગીલાલ મગનલાલ શાહ.
Godhavi.

---

# માર્ગાનુસારીના પાંત્રીસ ગુણ.

## (લેખક. શેઠ. મોહનલાલ લલ્લુભાઇ.)

( અંક બીજાના પાને ૪૦ મેથી અનુસંધાન. )

૨. સમાન કુલવાળા, શીળવાળા તથા સમાન વૈભવ વેષભાષા ઇત્યાદિક તેમજ વસ્તારવાળા લોકોની સાથે પોતાના પુત્ર, પુત્રી આદિકનો વિવાહ કરવો, પરંતુ એકજ ગોત્રીયવાળા સાથે કરવો નહી. શ્રીમદ્ હેમચંદ્ર આચાર્યે યોગ શાસ્ત્રમાં એક ગોત્રવાળા સાથે વિવાહ કરવો નિષેધ કર્યો છે. પિતા તેનો પિતા આદિક પૂર્વ પુરૂષનો વંશ તે કુળ કહીયે અને મદ્ય માંસ રાત્રીભોજન વિગેરે પરિહાર રૂપ જે વ્યવહાર તે શીલ કહીએ. આ પ્રમાણે કરવાનાં કારણ નીચે પ્રમાણે છે. જો કુલ શીળાદિક સરખાં ન હોય તો નિશ્ચે પરસ્પર વિસદૃશ્યપણું થાય એટલે કે શાસ્ત્રમાં કહેલાં નિર્દોષ સંબંધનો અભાવ થાય. જેથી કરી અસંતોષાદિક દોષનો સંભવ થાય છે. વળી વૈભવનું વિષમપણું છતે એટલે કે બે જણના ઘરના વૈભવમાં ઘણો તફાવત હોય તો

સમાન સંબંધ ન કહેવાય કેમકે કન્યા પોતાના પિતાનું મોટું ઐશ્વર્ય દેખીને અલ્પ વૈભવવાળા પોતાના પતિની અવગણના કરે. વળી જો વરના પિતાને ત્યાં મોટો વૈભવ હોય તો તે પણ ગરીબની કન્યાની અવગણના કરે. કારણ કે ગરીબ કન્યાના પિતાને વૈભવની ખામીને લીધે તેની પછવાડે થોડી સહાય હોય છે. આવી રીતે સરખો વૈભવ ન હોય તો દોષ આવે છે. વળી એક ગોત્રી સાથે વિવાહ કરવામાં પોતાના ગોત્રમાં ચાલતો નાના મોટાનો વ્યવહાર લોપાય છે કારણ કે અવસ્થા તથા વૈભવે કરીને મોટો એવો પણ કન્યાનો પિતા કનિષ્ઠ જમાઈના પિતાથી નીચો ગણાય છે અર્થાત્ જ્યેષ્ઠ હોવા છતાં કન્યા આપવાથી કનિષ્ઠ પંક્તિમાં ગણાય છે અને આ પ્રમાણે ગોત્રીઓને વિષે પ્રથમ પ્રવર્તેલા નિયમનો ભંગ થવાથી મોટા અનર્થની પ્રવૃત્તિ થાય છે.

વળી ઉપર કહ્યા ઉપરાંત ઘણા પુરૂષોની સાથે જેમને વિરોધ છે એવા પુરૂષો સાથે પણ વિવાહ કરવો નહીં. કારણ કે તેમ કરવાથી બીજા અપરાધી પણ વિરોધી પુરૂષના સંબંધમાં આવવાથી મોટા વિરોધનું પાત્ર થાય છે. જેથી કરી આ લોક તથા પરલોકમાં લાભ થતો નથી. વળી સર્વ સુખ સંપત્તિઓ અવિરોધ સંબંધથી ઉત્પન્ન થાય છે. માટે જેનું સમાન કુળ તથા સમાન શીલાદિક હોય તથા એક ગોત્ર ન હોય તથા જે ઘણાનો વિરોધી ન હોય તે સાથે વિવાહ સંબંધ કરવો એ રહસ્ય છે. આ જગ્યાએ લૌકિક નીતિશાસ્ત્ર આ પ્રકારનું છે. બાર વરસની કન્યા અને સોળ વરસનો વર એ બેનો વિવાહ કરવો યોગ્ય છે. જેની જ્ઞાતિમાં પરણવાનો વિધી જે પ્રમાણે કહ્યો છે તે પ્રમાણે જે પરણે છે તે કુલવાન કહેવાય છે અને તેથી જે ઉલટું કરે છે તે અકુલવાન કહેવાય છે. હવે વિવાહનું લક્ષણ કહે છે. અગ્નિ તથા દેવતા (દેવ) પ્રમુખ સાક્ષી રાખીને જે પાણીગ્રહણ કરવું એટલે વર કન્યાનો હાથે હાથ મીલાવવો એનું નામ વિવાહ કહીએ તે વિવાહ આઠ પ્રકારનો છે

૧ જે વિવાહમાં અલંકાર યુક્ત કરેલી કન્યા વરને આપીએ અને વળી કન્યાને એવું કહે કે તું આ મહાન ભાગ્યશાળી પુરૂષની સમાન ધર્મમાં ચાલનારી એટલે તેની આજ્ઞામાં ચાલનારી થજે. એ પ્રમાણે જે વિવાહ કરવો તે બ્રાહ્મયવિવાહ કહીએ.

૨ પોતાના ઘરના વૈભવને ઉચિત્ વરને કન્યા પ્રદાન કરવું તે પ્રાજાપત્ય વિવાહ કહીએ.

૩ ગાયનું જોડલું આપીને જે કન્યાનું આપવું તે આર્ષ વિવાહ કહીએ.

૪ યજ્ઞના કરનારને યજ્ઞ ( દેવપૂજનાદિ ) કરવાના અર્થે ( સ્ત્રી વિના યજ્ઞ

થઇ શકતો નથી ) કન્યાદાન આપવું તે દૈવ્ય વિવાહ કહેવાય છે.

આ ચાર પ્રકારના વીવાહ, ધર્મ વિવાહ કહેવાય છે કારણ કે માતા પિતા બંધુજન વિગેરે સર્વ લોકો એ પ્રકારના વિવાહને પ્રમાણ કહે છે. વલી આ ચાર પ્રકારના વિવાહ ગૃહસ્થાશ્રમને યોગ્ય એવા દેવ પૂજનાદિ વ્યવહારનું અંતરંગ કારણ છે.

હવે ચાર પ્રકારના અધર્મ વિવાહ કહે છે.

૫ સ્ત્રી પુરૂષને પરસ્પર એક બીજા ઉપર પ્રીતિ થવી તેણે કરીને પરસ્પર સંબંધ કરેતો એ ગાંધર્વ વિવાહ કહીએ.

૬ કોઇ પ્રકારનું પણ બાંધીને એટલે પ્રતીજ્ઞા કરીને કન્યાનું આપવું તે આસુર વિવાહ કહીએ.

૭ બળાત્કારે કરીને કન્યાનું ગ્રહણ કરીએ તે રાક્ષસ વિવાહ કહીએ,

૮ સુતેલી અથવા પ્રમાદમાં પડેલી કન્યાનું હરણ કરવું તે પિશાચ વિવાહ કહીએ.

આ ચાર વિવાહ અધર્મ યુક્ત છે તો પણ જો સ્ત્રી પુરૂષને અપવાદ રહિતપણે પરસ્પર રૂચીપણું હોય તો તેમને પણ ધર્મયુક્ત જાણવા. હવે વિવાહ તે શું કહીએ તેનો ઉત્તર કહે છે. શુદ્ધ સ્ત્રીનો લાભ થવો એ છે ફળ તે જેનું તેને વિવાહ કહીએ તે પ્રકારના વિવાહનું ફળ પણ રૂડી એવી પુત્રરૂપ સંતતિનો લાભ થવો તેછે. વળી દુખ રહિત ચિત્તની સમાધિ થવી એ પણ તેનું ફળ છે. કારણ કે સ્ત્રી મળવાથી ઘર સંબંધી સઘળી ચીંતાથી રહિત પુરૂષનું ચિત્ત થાય છે. તેમજ બારણેથી હરકોઇ પ્રકારના દુખથી પીડાઇને જો તે પુરૂષ જાતવંત સ્ત્રી પાસે આવીને બેસે તો તેના દુખનું નિવારણ થાય છે, કારણકે ચતુર અને જાતવંત સ્ત્રી દુખનું નિવારણ કરી શકે છે. વળી ઘરના કામકાજો વિષે સ્ત્રી સારી રીતે ડહાપણ ભરેલો વ્યવહાર ચલાવી શકે છે. વળી જાતવંત કુલિન સ્ત્રીમાં સ્વભાવે કરીને આચાર વિચારનું વિશુદ્ધપણું હોય છે કેમકે શુદ્ધાચાર પાળવાનું તેને શીખવવું પડતું નથી. એતો એના સ્વભાવથીજ શુદ્ધ આચાર પાળે છે તથા દેવતા અતિથિ, સગા સંબંધી એ સર્વેનો સત્કાર સ્ત્રી કરે છે, વળી કુલિન સ્ત્રીને રક્ષણ કરવાના ઉપાય નીચે પ્રમાણે છે તથા ઘર સંબંધી સર્વ કાર્યભાર સ્ત્રીને સોંપવો કારણ કે તે કામમાં ગુંથાવાથી તેને નિવૃત્તિ મળે નહી. તથા અહંમપણાથી તે ઘરનું કામ મન દઇને સારી રીતે કરે ઇત્યાદિ ઘણા ગુણો આમ કરવામાં રહેલા છે. વળી સ્ત્રીને ઘર કામ વાસ્તે થોડું ઘણું પણ

પરિમાણ કરેલું ધન આપી મુકવું જોઇએ. કેમકે કોઇ વખત પુરૂષ ઘરમાં ન હોય ત્યારે કોઇ વસ્તુ જોઇતી હોય તો સ્ત્રી પોતાની પાસેના ધનમાંથી પણ તે વસ્તુ લાવીને જતી લાજ રાખી શકે છે. ઇત્યાદિ એમાં ઘણા ગુણ છે. વળી એવી રીતે વર્તણુક ચલાવવી કે તે સ્વતંત્ર અને સ્વેચ્છાચારી થઇ જાય નહી. વળી સારી શીખામણ આપી હિત કરનારી એવી ચતુર સ્ત્રીઓમાં બેઠક રાખવા વીગેરે કહેવું, સતિ સ્ત્રીઓનો સંગ કરાવવો. તે સ્ત્રી રક્ષણના ઉપાય છે. આ પ્રકારના ચાર ઉપાયે કરીને સારી સ્ત્રીનું સારાપણું રહેછે. હવે કોઇ મનમાં આશંકા કરે કે વગર પરણે તૈયાર મળેલી વેશ્યા સ્ત્રી સંગાથે વ્યવહાર કરીએ તો તેમાં શો બાધ છે તેનો ઉત્તર એ છે કે વેશ્યા સ્ત્રી ધોબીની શિલા તથા કુતરાની ચાટ જેવી છે તેથી તે વિષે કોણ કુળવાન પુરૂષ રાજી થાય? અર્થાત્ નજ થાય જેમ ધોબીની શિલા પડી હોય તેના ઉપર જે આવે તે ધુવે તથા કુતરાને ખાવાની ચાટમાં જે કુતરૂં આવે તે મોઢું ઘાલે તેમ જે પૈસા ખરચે તેની સ્ત્રી થતી એવી વેસ્યામાં મુર્ખ વીના બીજો કોઇ પણ માણસ આશક્ત થાય જ નહી. વળી વેસ્યાનો કુલક્રમથી આવેલો એવો સ્વભાવ છે કે તે દાન પુણ્ય કરી શકે નહી. વળી જે પુરૂષ વેશ્યાને દાન આપે છે તે દરિદ્રી થાય છે તથા સત્કાર કર્યે છતે (વસ્ત્રાભરણ આપવું તે) તે પારકાના ઉપભોગમાં આવે છે. વળી વેશ્યાને વીષે ઘણી આસક્તી કર્યે સતે પરાભવ અથવા મરણ થાય છે વળી એ વેશ્યાનો મોટો ઉપકાર કરવામાં આવે તોપણ પોતાની થતી જ નથી. વેસ્યા સાથે ઘણા કાળનો સંબંધ હોય તો પણ તેનો ત્યાગ કરતાં વારજ તે બીજા પુરૂષને અંગીકાર કરે છે. માટે ઉપર પ્રમાણેનાં કારણો વીચારી પૂર્વે કહ્યા પ્રમાણે સ્ત્રી પરણવી એ પુરૂષનો સામાન્ય ધર્મ છે.

પ્રત્યક્ષ જોયેલાં તથા અનુમાનથી અને આગમથી જે જાણવા યોગ્ય છે એવા ઉપદ્રવોથી ભય પામવું એ માર્ગાનુસારીનો ત્રીજો ગુણ છે. કોઇ પૂછે કે ગૃહસ્થના ચિત્તમાં દષ્ટભય તથા અદષ્ટભય રહ્યા છે એમ શી રીતે કહેવાય. તેનો ઉત્તર જો યથાશક્તિએ તે ભય ઉત્પન્ન થવાના જે કારણો તેનો ત્યાગ દુરથી જ કરે ત્યારે જાણીએ જે એના ચિત્તનો ભય રહેલો છે. પણ તે વિના તો એના ચિત્તમાં તો ઉપરના બંને પ્રકારના ભય રહ્યા નથી એમ કહી શકાય. હવે દષ્ટ ઉપદ્રવના કારણ નીચે પ્રમાણે લઇએછીએ.

૧. અન્યાયથી વ્યવહાર કરવો.

૨. જુગટું રમવું.

૩. પર સ્ત્રીનો સંગ કરવો.

એ વગેરે અવગુણો આલોકમાં સકળ લોક જાણે એ વીનાના પ્રકારમાં વીટંબનાના સ્થાનક છે એટલે કે તેવા પુરૂષોને આ લોકમાં પણ કેટલા પ્રકારના દુખ થતાં નજરે દેખાય છે. હવે અદષ્ટ ઉપદ્રવના કારણ દેખાડે છે ૧ મદ્યમાંસનું શેવનાદિક જે તે શાસ્ત્રમાં કહેલા નરકાદિકના મહા દુઃખ પામવાનું કારણ છે. આ બધાનું રહસ્ય એ છે કે દીઠામાં આવતા અને ન દીઠામાં આવતા જે ઉપદ્રવ તેના કારણરૂપ અન્યાય મદ્ય માંસાદિકથી પોતાના આત્માને છેટેથીજ પાછો વાળવો એટલે દ્રવ્ય ભાવ બે પ્રકારે એવા કામમાં આત્માને પ્રવર્તાવવો નહી.

૪. સારા (શિષ્ટાચાર) પુરૂષના આચરણની પ્રશંસા કરવી તે માર્ગાનુસારીનો ચોથો ગુણ છે. સદાચાર અને જ્ઞાને કરીને વૃદ્ધ પુરૂષોની પાસે રહેવાથી જે પુરૂષોને શુદ્ધ શિક્ષા પ્રાપ્ત થઇ છે તેને શિષ્ટ પુરૂષ કહીએ અને તેવા જે શિષ્ટ પુરૂષનું આચરણ તે શિષ્ટાચાર કહીએ હવે તે આચાર દેખાડે છે.

૧. લોકના અપવાદ થકી ભય પામવું. ૨. ગરીબનો ઉદ્ધાર કરવો. ૩. કરેલા ગુણનું જાણવું. એટલે કે કોઇએ ઉપકાર કર્યો હોય તેનો પ્રત્યુપકાર કરવો. ૪ સુદાક્ષિણ્યપણું એટલે કે પોતાના ઘરનો વ્યાપાર મુકીને પરનો ઉપકાર કરવો. સુદાક્ષિપણાનો અર્થ એવો છે કે પરલોકમાં ઉપકાર થવાનું પ્રયોજન હોય તો દાક્ષિણ્યપણું કરવું પણ પાપના કારણને વીષે દાક્ષિણ્યપણું ન કરવું આટલાજ કારણથી દાક્ષિણ્યપણું શબ્દની પૂર્વે સુ મુકવામાં આવ્યો છે. ૫. સર્વ જગ્યાએ નિંદાનો સંત્યાગ કરવો એટલે કોઇ જીવની નિંદા ન કરવી. ૬. રૂડા પુરૂષોની શ્લાઘા કરવી ૭. આપત્તિ આવેછતે અતિ દીનપણું ન કરવું. ૮. સંપત્તિ મળે છતે નમૃતા કરવી પણ અહંકાર ન કરવો. ૯. પ્રસંગ પ્રાપ્ત થયે સતે પણ મિત બોલવું અર્થાત કામ પડે તેટલુંજ બોલવું ૧૦ કોઇની સાથે વિરોધ કરવો નહી. જે અંગીકાર કર્યું હોય તે બરોબર પાળવું ૧૧. કુળ ધર્મનું પાલન કરવું એટલે પોતાના રૂડા કુળાચારને મુકવો નહી. ૧૨. અસત્ય માર્ગે ધનાદિક વાપરવું નહી. ૧૩. યોગ્ય સ્થાનને વિષે નિરંતર સારી ક્રિયા કરવી. ૧૪ સારાં કાર્યને વિષે આગ્રહ રાખવો. ૧૫. પ્રમાદનો ત્યાગ કરવો. ૧૬. ધર્મનો બાધ ન આવે એવી રીતે લૌકિક વ્યવહારમાં વર્તવું. ૧૭ દરેક જગ્યાએ ઉચિતપણાનું પાલન કરવું. ૧૮ પોતાના પ્રાણ કંઠે આવ્યા હોય તો પણ નિંદિત કામમાં પ્રવૃત્તિ કરવી નહી.

આ પ્રકારના જેનામાં આચરણ હોય તેને શિષ્ટ પુરૂષ કહીએ. તે પુરૂષની પ્રશંસા કરવી અને તેના ગુણ ગ્રહણ કરવા વિષે પ્રયત્ન કરવો કારણ કે ગુણ વિનાનો ઉપરનો સર્વ આડંબર મિથ્યા છે. જેવી રીતે દુધ વિનાની ગાયો ગળે ઘંટડી બાંધવાથી વેચાતી નથી તેમ અંતર્જ્ઞાનાદિ ગુણ વિના કેવળ ઉપરના ઘુ-ટાટોપવડે આત્માની સિદ્ધિ થતી નથી. વળી નાના એવા શુદ્ધ પુરૂષો પ્રસિદ્ધિને પામે છે પણ મોટા એવા અશુદ્ધ પુરૂષો પ્રસિદ્ધિને પામતા નથી. દાખલા તરીકે જુઓ કે અંધારાના વિષે ધોળા એવા હાથીના દાંત દેખાય છે પણ કાળા એવા હાથીઓ દેખાતા નથી.

---

# વિદ્યા અને લક્ષ્મીનો સદુપયોગ.

( લેખક શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીયા.)

જમાનાને અનુસરીને વિદ્યાવિજ્ઞાનનું ક્ષેત્ર બહોળા વિસ્તારમાં મુકવાની વિશેષ આવશ્યકતા છે. વિદ્યાવડેજ દેશોદ્ધાર અને ધર્મોદ્ધાર થવાનો છે. આપણા મહાન્ પવિત્ર તીર્થો જેવાં કે પાલીતાણા, ગિરનાર, આબુજી તથા સમેતશીખરજી વિગેરે અખુટ દ્રવ્ય ખરચી કરાવેલાં છે; તેમની અદ્‌ભૂત કારીગરીના નમુના જોતાં સહેજ ખ્યાલ આવશે કે આપણા જૈનો પ્રાચીન સમયમાં કેવી આર્થિક સ્થિતિ ભોગવતા હતા. તેમ વિદ્યાવિજ્ઞાન તરફ અવલોકન કરીશું તો માલુમ પડશે કે મહાત્મા હરિભદ્રસુરીએ પોતાની જીંદગીમાં ચૌદસેં ચુંવાળીસ ગ્રન્થ રચ્યા એમ શાસ્ત્રદ્વારા માલુમ પડે છે. ડાકટર પીટરસનના શબ્દમાં કહીએ તો “Haribhadrasuree is one of the most interesting figures in the long succession of Jain writers.” ( હરિભદ્રસૂરી ઘણા જૈન ગ્રન્થકારોની પંક્તિમાં એક ગ્રન્થકાર હતા. ) તથા કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજી મહારાજજીએ સાડાત્રણ ક્રોડ શ્લોક રચ્યાનું કહેવાય છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજી વિશે વિદ્વાન જેકોબી કહે છે. Hamachandra is the clever encyclopedist who through his works propagated and made easily accessible the store of learning gathered up to his time હેમચન્દ્ર એક મહાન્ સંગ્રહ કર્તા છે, જેમણે પોતાના પુસ્તકોદ્વારા તે વખત સુધી જણાયેલું સર્વજ્ઞાન ફેલાવ્યું અને લોકો તેનો લાભ લઇ શકે તેવા રૂપમાં આણ્યું. આવી આવી અગાધ શક્તિવાળા અને સરસ્વતી કંઠાગ્રે ધારણ કરનાર મહાન્ પુરૂષો પ્રા-

ચીન સમયે વિદ્યમાન હતા. ત્યારે અત્યારે આપણે આર્થિક સ્થિતિમાં તેમજ વિદ્યામાં કેટલી બધી ન્યૂનતા અનુભવીએ છીએ, આનુ વાસ્તવિક કારણ કેળવણીની ખામી છે. પારશી, નાગર વિગેરે નાની કોમો કેળવણીના સદ્ભાવે ઉન્નતિના શિખર પર છે. માટે તે ક્ષેત્ર જેમ વૃદ્ધિ પામે તેમ યોજના રચવાની દરેક ધર્માનુરાગીની ફરજ છે. જાપાન જેવા નાના રાજ્યે રૂશિયા જેવા વિસ્તાર ને વસ્તીમાં બહોળા રાજયને હંફાવી દીધું આથી માલુમ પડે છે કે કેળવણીનો પ્રતાપ કેટલો બધો છે, માટે સર્વ ઉત્કર્ષનું મૂળ રોપવામાં ને દેશનું શલ્ય દૂર કરવામાં કેળવણી એજ સારભૂત છે. કેળવણી એ અજ્ઞાનરૂપી અંધારામાં દીવો છે, અને શાસ્ત્રોનું સાર તે સંપાદન કરનારને મોટો મોક્ષનો મેવો છે; તે દેશોદ્ધાર ને ધર્મોદ્ધારનું બીજ છે. પતિત વિચારોથી પડતા બચાવવાને ઉત્તમ પગથીયું છે. વિદ્યાથી હૃદય વિસ્તૃત બને છે, ઉચ્ચ ભાવનાનો અંતઃકરણમાં અભિનિવેશ થઈ શકે છે, ઉચ્છૃંખલપણુ લય પામે છે અને શાન્તતા અને ગાંભાર્યતા અનુભવાય છે, હમેશાં ચિત્તવૃત્તિને સંસારની બળતી જ્વાળામાં વિશ્રામનું સ્થળ મળે છે, માટે તેની વૃદ્ધિને માટે અહોનિશ પ્રયત્ન કરવો, કરાવવો અને અનુમોદવો એ સ્તુત્ય છે. હાલમાં આપણા કેટલાક બંધુઓની એવી દયા જનક સ્થિતિ દૃષ્ટિ ગોચર છે કે તેમને પેટપૂરતું પ્રાપ્ત કરવાને ફાંફાં મારતા જોવામાં આવે છે, તો પછી તેમની સંતતિને ભણાવવાની વાતજ શી? આવા આપણા સાધારણ સ્થિતિના સ્વામીભાઈને મદદ કરવી જોઈએ કે જેથી કરી તેઓ ભુખના દુઃખથી અન્ય ધર્મિઓની પ્રપંચજાળમાં સપડાતા બચે: સ્વધર્મશુભેચ્છક સ્વામીભાઇઓનું તેમાં મુખ્ય કરીને શ્રીમંત વર્ગનું આ બાબત તરફ વધુ લક્ષ ખેંચુંછું. બંધુઓ! લક્ષ્મી ચંચલ છે, તે સદાય ઠરીને કોઈ સ્થલે રહી નથી, રહેવાની નથી અને રહેશે પણ નહિ, માટે સંપત્તિ મળે તેનો સદુપયોગ કરવો એજ શ્રેષ્ઠ છે, લક્ષ્મી એ એવી વસ્તુ છે કે જો તેને સારી રીતે વાપરવામાં આવે છે, તો ઘણું પુણ્ય પ્રાપ્ત થાય છે, શિવગતિ પણ પ્રાપ્ત થાય છે: અને જો તેનો એશ આરામ આદિકમાં દુરૂપયોગ કરવામાં આવે છે, તો તે નીચ ગતિમાં લઇ જાય છે. જેમ સંપત્તિ સર્વ સુખનું સાધન અને સમાધાનનું પરમ સ્થાનક છે તેમ તે દરેક પ્રકારે અનિષ્ટનું પણ મૂળ છે; કારણ કે તેના માલિકને તે શ્રમ, ચિંતા, દૌર્બલ્ય ઉત્પન્ન કરે છે. ધનની પ્રાપ્તિથી માણસ વખતે મદાંધ પણ બને છે.

(અપૂર્ણ.)

# આત્મશક્તિ.

## મન ઉપર કાબુ મેળવી શકાય ?

અજ્ઞાનના સ્વરાજ્યે કરી પોતે કોણ છે તે ભુલી જવાયું છે, અને પોતે કોણ ? તે જાણ્યા વિના પોતાની ઉન્નતિ કરી શકાય તેમ ન હોવાથી દરેક મનુષ્ય પ્રાણી જો પોતાને ઓળખવાનું કામ ઘણા મહત્વનું છે પ્રાથમિક જરૂરી છે, તે શરૂ કરી વિચારે કે હું કોણ ? પણ આમ વિચારવું અને જાણવું કંઇ સહેલ નથી, જેણે જાણ્યું તેઓ આ ખટપટી દુનીઆથી દુર થઇ અક્ષય સુખવાસી થયા છે ને જે જાણશે તે થશેજ. ગમે ત્યારે પણ તે વિના ખરૂં કલ્યાણ દુર છે એતો નક્કીજ.

નહી સમજવામાં—આત્મને આત્મરૂપે ન જાણવામાં મ્હોટો વીરોધી કોણ છે ? અને તે માટે શું કરવું ઘટે છે ? એ સ્વાભાવિક પ્રશ્ન છે. અને તેનો જવાબ પહેલી દ્રષ્ટિએ જણાય છે કે મનની ચંચળતા, અસ્થિરતા, એ મ્હોટા વિરોધી છે અને તે વિરોધીને હઠાવવા, મન ઉપર કાબુ ધરાવવો જોઇએ છે.

## "મન જીત્યું તેણે સઘળું જીત્યું."

આ વાક્ય અપૂર્વ તત્વ ધરાવે છે, છતાં તે કોણ જાણે ? જેને મનને જીતવાની જીજ્ઞાશા છે તેજ જાણે. માટે તે જાણવા,—મન અને આત્માને તથા શરીરને શું સંબંધ છે, અને તે ઉપર કાબુ ધરાવવાને વ્યવહાર માર્ગો કયા છે તે વિષે વિચાર કરીએ તો વ્યાજબી કહેવાશે.

શરીર, મન, અને આત્મા એ સહુ નિકટના સંબંધીઓ છે.-મિત્રો છે. અને તે ત્રણેમાં મન નારદપણાનો ગુણ ધરાવે છે. જેથી તે શુભ વિચારમાં જાય છે તો શુદ્ધાત્મા નજીક થાય છે અને મન દુનીઆદારીની મોહમયી જંજાળોમાં આશક્ત થવા દોડે છે ત્યારે બહીરાત્મ રાગી થઇ, હુંપણાને ભુલી જાય છે કેમકે ઉપર કહ્યું તેમ તેને નિકટનો સંબંધ છે.

આત્માને એક ગવૈયારૂપે સમજીએ, મન તથા શરીરને વાજીંત્ર સમજીએ અને વિચારીએ કે એક યા બંન્ને સારી હાલતમાં નહી હોય તો તે વગાડનાર ગવૈયો (આત્મા) પોતાનો હુન્નર બતાવી શકે નહી અને વગાડનાર પોતે ઠીક ન હોય તો જે ખરૂં ગાયન તેના મુખથી નીકળવું જોઇએ તે નીકળી શકે નહી એટલે આત્માને પોતાની વૃદ્ધિના અર્થે શરીર અને મન અનુકુળ હોવા ઉપરાંત ખુદ પોતે પણ આગળ વધેલો હોવો જોઇએ,

કોઇ પણ કાર્ય કરવા પહેલાં દરેકના મનમાં વિચાર સ્ફૂરે છે. એટલુંજ નહી પણ હર ક્ષણે મન જુદા જુદા અવ્યવસ્થિત વિચારોની શ્રેણીમાંજ મશ્ગુલ હોય છે પછી તે વિચારો અનુકુળ હો કે પ્રતિકુળ, દરેકનું મન તે રીતે વિચિત્ર ક્રિયામાં મશ્ગુલ હોય છે. વિચિત્ર એટલા માટે કે પોતાની મરજી હોય કે નહી હોય તે વિચારો પોતાના હોય કે બીજાના હોય છતાં તે ઉપર વિચારશ્રેણી ચાલુજ રહ્યા કરે છે. આથી સૌથી અગત્યની બીના એ યાદ રાખવાની છે કે પોતે પોતાના મન ઉપર કાબુ ધરાવવો જોઇએ. જ્યારે આમ કહીએ ત્યારે એ પણ વિચારવું પડશે કે મન ઉપર કાબુ ધરાવી શકાય ખરો ? અને હા, તો કઇ રીતે ?

બુદ્ધિગમ્ય, તે રીતનું શહેજ દર્શન નીચે પ્રમાણે જણાય છે. વાંચકો સાર ગ્રહણ કરશે અને બુદ્ધિવાનો તેને અનુભવમાં આણવા પ્રયત્ન કરશે તો જરૂર કંઇને કંઈ લાભ પ્રાપ્ત કરશેજ.

પ્રથમ તો આપણે જે જે વિચારો કરીએ તે સવળા પરમાર્થી–ઉત્તમ હોવા જોઇએ. નઠારા અશુભ વિચારો આપણા હૃદયમાં જરા પણ દાખલ ન થાય તેની સંભાળ રાખવી જોઇએ, નહિ તો આસપાસના સંબંધીઓના ખરાબ વિચારો થોડે ઘણે અંશે આપણને અસર કરશે માટે આપણા મનમાં બીજા બહારના વિચારોની અસર થવા ન પામે અને સ્વતંત્ર રીતે પોતે શુભ વિચારોજ કર્યા કરે તેવી ટેવ પાડવી જોઇએ.

વિચારો બીજા ઉપર અસર કરે છે એ હવે જનસમાજ જાણવા લાગી હોવાથી અને અનુભવે નિશ્ચય થતો હોવાથી દાખલા ટાંકવાની જરૂર રહેતી નથી. માત્ર આ ઉપરથી એક એ સાર ખેંચી લેવો જોઇએ કે સારા, નરસા, વિચારોની અસર બીજે થતી હોવાથી બીજા અશુભ–નઠારા–વિચારોની અસર આપણા ઉપર ન થવા દેતાં આપણા શુભ વિચારોની અસર બીજે થાય તે માટે મનમાં જરાપણ નઠારા વિચારોને પ્રવેશ થવા ન દેવો.

આપણે હર ઘડી જાગતાં કે ઉંઘતાં–જાણતાં કે અજાણે–વિચારોની શ્રેણીમાં હોઇએ છીએ તે ઉપર એક વખત કહી ગયા અને તે શ્રેણી કયા પ્રકારની હોય છે તે આસપાસના સંજોગો ઉપર આધાર ધરાવે છે તે પણ વિચારી ગયા. માટે જો શીથીલ રહીએ, પ્રમાદી રહીએ તો સારા વિચારો કરતાં નઠારા વિચારો જોર કરી પ્રથમ પ્રવેશ કરે અને ફાવી જાય, જ્યારે વિચારની આવી શક્તિ છે તો જેવો એક ખરાબ વિચાર આપણા મનમાં આવ્યો કે તરતજ તેને તિરસ્કારપૂર્વક દુર કરવો અને તેના બદલે તરતજ

કોઇ પણ સારો પવિત્ર અને પારમાર્થીક વિચાર ખુબ જોસથી કરવો જેથી નઠારો વિચાર ભાગી જાય.

જો કે શરૂઆતમાં આ કામ મહાભારત કામ તરીકે લાગશે પણ ચાલુ ખંતથી તે એ સહેલું થઇ પડતાં આપણા મન ઉપર આપણે જરૂર જીત મેળવી શકીશું.

કોઇ પણ ધંધામાં નફો થશે કે નુકશાન તે પહેલાં શોધવું જોઇએ. અને નફાના માર્ગે જવું–નુકશાનનો માર્ગ દુર કરવો–એ મનુષ્ય માત્રનું પહેલું કર્તવ્ય છે. નહિ તો નુકશાનના માર્ગે જાણી જોઇ જતાં દુનીઆ હાંશી કરશે, અને કરે તેમાં શું નવાઈ! તેજ રીતે જાણી જોઇ અશુભ વિચારોના વ્યાપારની થતી વૃદ્ધિ ન અટકાવીએ તો આત્માને શરીરાદિ સંબંધો વખતો વખત લેવા પડે અને આત્માની અગાધ શક્તિ છે, નિર્મળ છે, ઉચ્ચે ચડવાનો ગુણ સ્વભાવ છે તે છતાં તે સંબંધોમાંથી મુક્ત દશા ન પામે. કે ચડતી શ્રેણીએ આરૂઢ ન થાય તો ઉચ્ચ શ્રેણીએ પોંચેલ આત્માઓ હાંશી કરે તેમાં શું નવાઇ! કારણ જેઓ પોતે કષ્ટ વેઠી આપણા માટે માર્ગ સરળ, નિર્ભય કરી ગયા છે અને તે માર્ગે જ તમો સીધા પ્રયાણ કરજો તેમ પોકારી ગયા છે છતાં આપણે નજર કરીએજ નહી તો આપણે બેવકુફમાં ભળીએ તેમાં શું નવાઇ! માટે દ્રવ્ય વ્યાપારના નફા ટોટા તરફ નજર રાખીએ છીએ તેજ રીતે આ પારમાર્થિક, આત્મીક, વ્યાપારમાં આગળ વધીએ છીએ કે પાછળ જઇએ છીએ તે તરફ નજર પ્રથમ રાખવી જોઇએ. પ્રથમ મનને કેળવવાનું માથે લેતાં આપણને લાગે છે કે આપણા કબજામાં મન નથી પણ મનના કબજામાં આપણે છીએ માટે જો કમર કસી સતત્ ઉદ્યમ કરીએ તોજ મહાભારત છતાં પણ તે કામમાં ફતેહ મેળવીએ. નહી તો ત્યાંસુધી મનના ગુલામજ કહેવાઇએ.

ફતેહ મેળવવાની ઇચ્છાવાળાએ તો ગમે તેટલી મુશ્કેલીઓ નડે છતાં,– અશુભ વિચારો ભુલાવો ખવરાવે છતાં. તોફાની રંગ અકળાવે છતાં–પોતાનું કામ ચાલુ રાખે તો જીત મેળવી શકે તે નક્કીજ. આ માટે થઇ ગયેલા મહાત્માઓ, (પૂર્વાચાર્યો અને તીર્થંકરો) ના દાખલાઓ આપણને પુરતા છે. ઘણા છે તેથી વધુ સ્પષ્ટ કરવાનું બાકી રહેતું નથી.

ઘોડા લગામના કાબુથી છુટા રહેતાં કુદાકુદ કરી મુકે છે તેમ મન ઉપર કાબુ ન હોવાથી તે ઘડીમાં એક ચીજ ઉપર ઘડીમાં બીજી ચીજ ઉપર

એમ ભટકતું ફરે છે માટે મનને વિકારોના વશ થઇ કુદાકુદ કરવાનો વ-ખત ન આપવો જોઇએ.

સુખમાં છલકાવું નહીં, દુખમાં ગભરાવું નહી, બન્ને હાલતમાં શાન્ત મને રહેવું તથા જ્ઞાનપૂર્વક ઉદાશીન ભાવે રહેવું એ એક મોટામાં મોટી ચાવી મનને જીતવાની છે તે યાદ રાખવી જોઇએ.

આ કાર્ય સંસારીઓનું નથી આવા કાયરપણાના વિચારોથી ઘણાઓ તે તરફ નજર કરતા નથી પણ ખરી રીતે સંસારી અવસ્થામાંજ આ કાર્યની શરૂઆત હોવી જોઇએ. જેમ કરવાથી ત્યાગ દશા જલદી ઉદય આવે છે એટલુંજ નહીં પણ પછી તે દશા સ્વીકારનાર અનહદ કામ કરી શકે છે. સમાજ ઉપર પોતાના શુભ વિચારોની છાપ હૃદયબળે ઘણી સચોટ રીતે બેસારી શકે છે. અને એ તો નકી છે કે ત્યાગદશા સંસારી સ્થિતિ કરતાં ચડીયાતી અને ઉપગારી સેંકડો ઘણી છે ત્યારે વળી તેમાં પણ ઉપર જણાવ્યા પ્રમાણે સંસારમાં ઉદાશીન ભાવે કરી અનુભવ મેળવી, જ્ઞાનપૂર્વક ત્યાગદશાએ પહોંચનારની અસર માટે તો શુંજ કહેવું. પૂર્વાચાર્યો અને તીર્થંકરો તરફ નજર કરતાં તેજ આત્માઓ અમર થઇ ગયા જણાય છે કે જેણે જ્ઞાનપૂર્વક ત્યાગ દશા સ્વીકારી જનસમાજ ઉપર પોતાના ગુણોની અસર કરી જનકલ્યાણ કરી ગયા છે. તેઓ પણ ઉપર કહ્યું તેમ દુનીઆરૂપી સંસાર શાળામાંથી જે અત્યંત શીખવાનું હોય છે તે ઉદાશીનભાવે જોઇ, શીખી, અસત્યને દૂર કરી સત્યને પકડવાથીજ કૃતાર્થ થયા છે.

પોતાની સંસારી ફરજ અદા કરવી, અને મનને વશ કરવું તથા ચડતી દશાએ પોંચવા જ્ઞાનવાન થવું અને ત્યાગી દશા સ્વીકારી પુદગળને કષ્ટો પડે છતાં જનકલ્યાણ કરવા અપ્રમાદી રહેવું. એ સ્થિતિ કૃતાર્થપણાને લાયક હોય તેમાં શું આશ્ચર્ય ? પણ તે ક્યારે બને ! દુર્ગુણો દૂર જાય ત્યારે.

આશા, તૃષ્ણા, ઇચ્છા, વાસના, આદી દુર્ગુણોને દૂર કરવા માટે બાળક જન્મે તે અગાઉજ તઇઆરી હોવી જોઇએ કેમકે ઝાડ ઉગવા બાદ તેની વાંકાઇ કહાડવાની મહેનત ઘણી સખત પડે છે માતા પીતાની રહેણી કરણીની અસર બાળક ઉપર થતી હોવાથી ને બાળકના જન્મ અગાઉ માતાપીતા બંન્ને રહેણી કહેણીમાં ચઢીઆતા હોવા જોઇએ અને તેમ કરવા માટે તેઓએ જ્ઞાન મેળવવું જોઇએ. ચાલુ સમયમાં એની ખામીને લઇ જ્યાં ત્યાં ક્લેશમય દુખી સ્થિતિ જોવાય છે. સુખ દુખનો ખરો આધાર મનની સ્થિતિ ઉપર છેઃ—

સામાન્ય રીતે જેટલું ધ્યાન શારીરિક સુખ, દુખ ઉપર અપાય છે તેટલું ધ્યાન મનની સ્થિતિ પછવાડે અપાતું નથી તેજ રીતે દુનીઆની નજરમાં ઉપરથી સારા માણસ તરીકે, મોટા માણસ તરીકે જણીતા થવાને પછાડ ખાય છે. પણ જો અંતઃકરણપૂર્વક નીખાલસ દીલે–મનથી–ખરેખરા સારા અને મ્હોટા થવા ચાલુ કોશેશો થાય તોજ પોતે પોતાના આત્માને તેમ જ બીજાઓને પુષ્કળ ફાયદા કરી શકે.

નીસ્વાર્થવાળી મહેનત કેટલીક વખત નકામી જતી જોવાય છે પણ ખરી રીતે તેમ હોય નહી. દેખીતો સ્વાર્થ ન જણાતો હોય તો અંતરંગ સ્વાર્થી હોવું જોઇએ; નહી તો એક કુશળ, વિદ્વાન, અને બાહોશ માણસ કાર્ય ઉપાડે તેપાર પાડવાને લાયક હોય છતાં નાસીપાસ થાય, અને અભણ જેવી સ્થીતીવાલાઓ પોતાના કામમાં આગળ વધી જાય–કર્તવ્ય કરી જાય તે કેમ બને! તે એમ કે સરલ રીતે અંતકરણપૂર્વક કામ કરનારનું વચન તે વચનરૂપે મનાય છે–સત્ય મનાય છે–અને કહેવાતા કેળવાયેલા માણસો કેળવણીનો સિધો ઉપયોગ કરી ન જાણતાં કપટ કળાને વધુ કેળવવા જતાં, અને તે પ્રકારે કામપાર ઉતારવાની આશા રાખતાં કપટ ખુલ્લું પડે છે ત્યારે થોડું પણ સારૂં કામ થયું હોય તેની કદર થવા બદલે શબ્દ પ્રહારના ભોગ થઇ પડે છે નહીં તો બળે કામ થાય તેના કરતાં કળે સારૂ અને જલદી થાય, અજ્ઞાન કરે તેના કરતાં જ્ઞાનવાનથી જલદી અને સારૂ થાય તે નહીજ પણ ઉપર કહ્યું તેમ હૃદયપૂર્વક નીખાલસ દીલે થાય તો સારૂં એમ છે કે કોઇના ઉપર અસર કરવી હોય અને બીજાઓને સુધારવા હોય તો અંતઃકરણપુર્વક ઉચ્ચ વ્રત્તિએ કામ કરતાં શીખો.

આપણી–ખરી રીતે દુનીઆની–આત્મીક આત્મશુદ્ધિ માટે આપણું ચરિત્ર ( દરેક વાંચકે આ બીના પોતાને લાગુ પાડવી )–ચાલચલણ–રહેણી કરણી શુદ્ધ અને ઝળકતી બનાવવી જોઇએ અને તે માટે નઠારી ટેવોને બદલે શારી ટેવો પાડવી જોઇએ અને તે માટે હમેશ તપાસતા રહેવું જોઇએ કે આપણી નીતિનો પાયો કેટલો મજબુત થતો જાય છે–આમાટે બીજાઓને પુછવા જવાનું નથી એ માટે તો પોતાનું અંતઃકરણ જ શાક્ષી આપશે–ખરો જવાબ આપશે ( મન જાણે પાપ ) કે આપણે ક્યાં જઇએ છીએ.

ઉપરના જુદા જુદા પ્રકારના વિવેચનથી એમ તો ધારી શકાશે કે માણસ ધારે તો ઘણી ખુશીથી મન ઉપર કાબુ મેળવી શકે અને તેમ

કરવાની ટેવમાં આગળ વધે તો—મનઉપર જય મેળવે તો—આત્માને પરમાત્મસ્વરૂપમાં લઇ જાય તે નકકીજ.

નઠારી ટેવો ત્યાગવા, મનને કેળવવા, અને તે ઉપર કાબુ મેળવવા માટે દિન ઉગે નીચલા વિષયો પૈકી ગ્રહણ કરવા યોગ્ય વિચારો ગ્રહણ કરવા, ને ત્યાગ કરવા યોગ્ય વિચારોને ત્યાગ કરવા.

## ત્યાગ કરવા યોગ્ય નઠારા વિચારો.

૧ હીંસા અને ઘાતકીપણાનો જુલમાટ કરનારો.
૨ જુઠાઇનો, કપટાઇનો,
૩ ચોરીનો, છેતરપંડીનો,
૪ વિષયવિકારો સેવવાનો,
૫ લોભ અને લાલચનો,
૬ અહંકારપણાનો, ધિક્કાર પેદા કરનારો,
૭ ઇર્ષા કરનારો પારકી ચાડી કરનારો,
૮ બીજાનું અપમાન કરનારો, ગુસ્સો પેદા કરનારો.
૯ બીજાના અવર્ણવાદ બોલવાનો (નીંદા)
૧૦ આળસાઇનો (કંટાળી જવાનો)
૧૧ કુસંપ પેદા કરનારો,
૧૨ એશ આરામમાં મસ્ગુલ થનારો.
૧૩ બીજાનું બુંરૂં ચીંતવનારો શ્રાપ દેનારો.
૧૪ ઠગાઇ કરનારો, ગેરઇનસાફ કરવાનો.
૧૫ નીમકહરામીનો ( ઉપકાર બદલે અપકાર કરવાનો. )
૧૬ વડીલોના યોગ્ય હુકમ નહિ ઉઠાવનારો.

વગેરે પ્રકારને લગતા કોઇ પણ વિચારો આવે કે તેને મનમાં પ્રવેશ થવા દેવાજ નહી. તેને બદલે નીચલા પૈકી કોઇ પણ શુભ વિચારોને જોસથી મનમાં પ્રવેશ થવા દેવા—કરવા——

## શુભ યાને સારા વિચારો.

૧ બંધુત્વ યાને ભ્રાતૃભાવ વધારનારો,
૨ પરમાર્થ કરવાનો,
૩ દયા કરવાનો,
૪ સત્યજ બોલવાનો,
૫ પ્રમાણીકપણેજ દ્રવ્ય મેળવવાનો,
૬ વિષય વીકારોને જીતનારો,
૭ કોમ, દેશ, દુનીઆને ઉપયોગી થવાનો,
... રાખવાનો.
૧૨ આત્મીક જ્ઞાનમાં આગળ વધવાનો.
૧૩ વડીલોને યોગ્ય માન આપવાનો ( સેવા કરવાનો )
૧૪ ન્યાયનો.
૧૫ હીંમતપુર્વક ઉદ્યમનો.
૧૬ સંતોષ અને ધીરજનો.

૮ સંસારી ફરજો બજાવવાનો
૯ ધાર્મિક વૃત્તિમાં આગળ વધવાનો,
૧૦ નમ્રતા અને અહંકાર
૧૧ સત્ય વિચારો ઉપર શ્રદ્ધા રાખવાનો.
૧૭ સારી સોબતમાં રહેવાનો.
૧૮ પ્રભુભક્તિ કરવાનો.
૧૯ ઉપકારીઓનો આભાર માનવાનો–( બદલો વાળવાનો )
૨૦ ઉન્નતિ કાર્યો માટે સખાવત કરવાનો વગેરે.

આતો માત્ર સામાન્ય–દર્શન છે. ટુંકમાં જે વિચારોમાં મહેનત નથી, કપટજાળ પાથરવાની નથી, સરળ છે, સ્વાભાવીક છે, તેને સારા વિચારો કહેવા અને તેની વિરૂધને નઠારા કહેવા. નઠારાને ત્યાગવા, સારાને આચારમાં મુકવા પ્રયત્ન કરવો. અહંકારપણાનો સબંધ દુર રાખવાથી દુઃખ થતું નથી. અહંકારના છકથી કરવામાં આવતા કામમાં પાછા પડયા તો ( અકાળે હોવા છતાં ) દુખી થવાની આશા છતાં, તે કામમાં મંડયા રહેવાની ભુલ થાય છે. જોકે છેવટે પસ્તાય છે ને કુકર્મનો બદલો આભવે, ભવાંતરે, મેળવે છે તે નક્કીજ અને દરેક મનુષ્યને તે કર્મનો નિયમ જણાય છે છતાં ભુલ કરે છે. ઉપર જણાવ્યા પૈકી સારા, નઠારા, વીચારોને સાંજ પડે છુટા પાડી દરરોજ સરવૈયુ કહાડવામાં આવે અને આખા દીવસમાં કેટલા સારા વિચારો કીધા, અને કેટલા નઠારા કીધા તે તપાસી નઠારાને નાબુદ કરી સારાને વધુ મજબુત કરી, નઠારા ફરી આવે નહી તેની મનઉપર પુરતી ચોકસી રાખી જો દરેક મનુષ્ય આગળ વધે–શુભ શ્રેણીવાન રહે તો મન ઉપર પૂર્ણ જીત મેળવી શકે તે નક્કીજ પરમાત્મપદે પોંચે તે નક્કીજ. અભ્યાસ એ અપુર્વ કુંચી છે, પહેલી નહી તો બીજી ત્રીજી,–ચોથીે, ગમે તે પરીક્ષામાં પાસ થાયજ વગર અભ્યાસે પાસ થવું તો ક્યાં પણ પરીક્ષામાંજ કોણ બેસાડે ( આ રીત કર્મના કાયદા માટે લાગુ કરવાની છે )

6—5—10 **મધુકર.**

# "જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન અને સિદ્ધાંતો."

( મર્હુમ વીરચંદ રાઘવજી ગાંધી બી. એ. એ ચીકાગોમાં ભરાયેલી ધર્મ પરિષદ્ આગળ આપેલું ભાષણ. )

જૈન ધર્મ દરેક વસ્તુ બે પ્રકારથી જુએ છે. એક દ્રવ્યાર્થિકનય અને બીજો પર્યાર્થિકનય. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ આ સૃષ્ટિનું મૂળ નથી તેમ અંત પણ નથી પણ પર્યાર્થિક નયની અપેક્ષાએ પળે પળે ઉત્પત્તિ અને લય ચાલ્યા કરે છે.

જૈન સિદ્ધાંતના બે વિભાગ પાડી શકાય, એક તો શ્રુત ધર્મ અથવા તત્ત્વજ્ઞાન, અને બીજો ચરિત્ર ધર્મ અથવા નૈતિક સિદ્ધાંત.

શ્રુતધર્મ નવ તત્ત્વના સ્વરૂપ વિષે, છ પ્રકારનાં જીવતાં પ્રાણી વિષે અને સ્વર્ગ, મનુષ્ય, તિર્યંચ અને નરક સ્વરૂપ ચાર પ્રકારની હયાતિ (ગતિ) વિષેના સ્વરૂપનું જ્ઞાન આપે છે. નવ તત્ત્વમાં પ્રથમ તત્ત્વ જીવ છે. જૈનધર્મ પ્રમાણે જીવ જાણનાર વિચાર કરનાર અને લાગણી ધરાવનાર તત્ત્વ છે. વસ્તુતઃ તે જીવતાં પ્રાણીમાં દૈવીતત્ત્વ છે. જૈનો ધારે છે કે જ્ઞાન, લાગણી, વિચાર અને ઇચ્છાના બનાવ કોઇ પણ વસ્તુ ઉપર આધાર રાખે છે અને તે કોઇ પણ વસ્તુ સદ્ હોવી જોઇએ. આ જીવાત્મા જ્ઞાનથી એક અપેક્ષાએ ભિન્ન છે. પોતાના જ્ઞાનના સંબંધમાં તો આત્મા જ્ઞાનથી અભિન્ન છે પણ બીજા કોઇના જ્ઞાનના સંબંધમાં આત્મા જ્ઞાન ભિન્ન છે આત્માનો ખરો સ્વભાવ સદ્જ્ઞાન, સદ્દર્શન અને સમ્યાચારિત્રાત્મક છે, આત્મા જ્યાંસુધી જન્મ મરણના ચક્રને વશ છે ત્યાંસુધી ઉન્નતિ અને અવનતિ પામ્યા કરે છે, બીજો તત્ત્વ અજીવ છે તેનો અર્થ પ્રકૃતિ એમ નથી પણ તેના કરતાં કાંઇક વધારે છે, જે જીવ નથી તે અજીવ.

તે નવ તત્ત્વમાંના બીજા સાત તો જીવ અને અજીવના સંયોગ તેમજ વિયોગથી થયેલી વિવિધ સ્થિતિઓ છે. ત્રીજો તત્ત્વ પુણ્ય છે જેથી કરીને મનુષ્ય સુખ પામે છે. ચોથો તત્ત્વ પાપ છે જેથી મનુષ્ય દુઃખી થાય છે. પાંચમો તત્ત્વ આશ્રવ જેથી પાપ અને પુણ્ય બંધાય છે સાતમો તત્ત્વ સંવર છે જેથી કર્મનો નાશ થાય છે આઠમો તત્ત્વ જીવનો કર્મ સાથે બંધ છે નવમો તત્ત્વ જીવનો સર્વ કર્મથી સર્વથા સદાને માટે મોક્ષ છે.

દ્રવ્યના જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ આકાશ અને કાળ એ રીતે છ વિભાગ પાડવામાં આવ્યા છે. છ પ્રકારના જીવતાં પ્રાણીના (છકાયના પાંચ ભાગ છે. જેમકે પૃથ્વીકાયના જીવ, અપકાયના જીવ, તેજસ્કાયના જીવ, વાયુકાયના જીવ, વનસ્પતિકાયના જીવ અને તે દરેકને સ્પર્શેંદ્રિય નામની એક ઇંદ્રિય છે વળી આના ચાર વિભાગ પાડવામાં આવ્યા છે. તેમાં કેટલાંકને બે ઇંદ્રિયો હોય છે સ્પર્શેંદ્રિય અને રસેંદ્રિય જેવાં કરમ, જળો વગેરે કેટલાંકને ત્રણ ઇંદ્રિયો હોય છે. પ્રથમની બે અને ઘ્રાણેંદ્રિય, જેવાં કે કીડી, જુઆ વગેરે કેટલાંકને ચાર ઇંદ્રિયો હોય છે પ્રથમની ત્રણ અને ચક્ષુરિંદ્રિય જેવાં કે ભ્રમર, વીંછી વગેરે કેટલાંકને પાંચ ઇંદ્રિયો હોય છે પ્રથમની ચાર અને શ્રોતેંદ્રિય પંચેંદ્રિયમાં મનુષ્ય જાનવર પક્ષિ અને દેવતાનો સમાવેશ થાય છે.

આ સઘળા પ્રાણીઓને નીચે કહેલી શક્તિઓ (પ્રર્યાપ્તિ)માંની ચાર પાંચ અથવા છ હોય છે. પહેલી અન્ન લેવાની શક્તિ, બીજી શરીર બનાવવાની શક્તિ, ત્રીજી ઇંદ્રિયો બનાવવાની શક્તિ, ચોથી શ્વાસોશ્વાસ લેવાની શક્તિ, પાંચમી બોલવાની શક્તિ અને છઠ્ઠી વિચાર કરવાની શક્તિ. એકેંદ્રિય જીવને ચાર શક્તિઓ હોય છે, બે ઇંદ્રિયોવાળા, ત્રણ ઇંદ્રિયોવાળા અને ચાર ઇંદ્રિયવાળા જીવને (વિકલેંદ્રિય જીવને) પાંચ શક્તિઓ હોય છે, પણ પંચેન્દ્રિય પ્રાણીને તો છએ શક્તિઓ હોય છે.

જૈનધર્મના સિદ્ધાંતો જીવતા પ્રાણીના બારીક વિભાગોનું પુષ્કલ વર્ણન આપે છે. સૂક્ષ્મદર્શક યંત્રની શોધ પહેલાં પણ તેના તત્વવેત્તાઓ એક નાનામાં નાના પ્રાણીને કેટલી ઇંદ્રિયો છે તે કહેવાને શક્તિવાન હતા.

જેઓને જૈન ધર્મ પ્રમાણે Biology (પ્રાણીધર્મ ગુણ વિદ્યા) geology (પ્રાણી વિદ્યા) Botany (વનસ્પતિ શાસ્ત્ર) Anatomy (શારીરિક શાસ્ત્ર) અને Physiology (ઇંદ્રીયશાસ્ત્ર) શીખવાની ઇચ્છા હશે તેમને અમારી સોસાયટીએ પ્રકટ કરેલાં ઘણાં પુસ્તકો વાંચવાની ભલામણ કરીશ.

હવે જીવની હૈયાતીની ચાર સ્થિતિ વિશે વિચાર કરીશું. તે ચાર ગતિ. નરક, તિર્યંચ, મનુષ્ય. અને દેવરૂપ છે નરક એ જીવની છેક હલકી સ્થિતિ છે. નરકનો રહેવાશી તે નારકી, બીજી ગતિ તિર્યંચ છે. જેથી જીવ પૃથ્વીકાય અપકાય, તેજસકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇંદ્રી ત્રણઇંદ્રિ અને ચાર ઇંદ્રિવાળા પ્રાણી પશુ અથવા પક્ષીમાં જન્મ લે છે. ત્રીજી ગતિ મનુષ્યની છે. ચોથી ગતિ દેવની છે. દેવ એટલે સ્વર્ગનો રહેવાશી સૌથી ઉંચી ગતિ જૈન ધર્મ પ્રમાણે મોક્ષ છે અથવા તે દૈવી સ્થિતિ છે. મનુષ્ય સકલ કર્મનો નાશ કરી આત્મોન્નતિ પ્રાપ્ત કરે છે અને જડ વસ્તુ સાથેના પોતાના સંબંધથી મુક્ત થઇ પવિત્ર સ્થિતિને પ્રાપ્ત કરે છે અને દૈવી બને છે આ અર્થમાં દૈવી શબ્દ વપરાયેલો છે.

આ પ્રમાણે ટુંકમાં જૈન ધર્મના તત્વોનું વિવેચન કરી હું હવે જે પ્રશ્નોના ઉત્તર સઘળી ધાર્મિક શોધનો ઉદ્દેશ છે અને સર્વ ધર્મનો મુખ્ય હેતુ છે તે પ્રશ્નનો વિચાર કરીશ.

## પ્રથમતો આ સૃષ્ટિનું મૂળ શું છે!

આના ઉત્તરમાં ઇશ્વરના પ્રશ્નનો સમાવેશ થાય છે અને ગૌતમ બુદ્ધ-

બુદ્ધધર્મ સ્થાપન કરનાર વસ્તુનું મૂળ કારણ શોધવાની મના કરે છે. સૃષ્ટિના બંધારણ વિષયક બ્રાહ્મણધર્મશાસ્ત્રોમાં બ્રહ્માના દિવસ અને રાત્રી, મન્વન્તરનો કાળ, પ્રલયકાળાદિની વાત વારંવાર કરવામાં આવે છે; પણ જૈનો તો આવા સંજ્ઞાસૂચક વાક્યોનો અનાદર કરી પ્રથમ થઈ ગએલા મોટા મહાત્માઓના પૂર્વે કહેલાં વાક્યોથી ફરી ફરીને જણાવે છે કે જીવ અને પ્રકૃતિ અનાદિ કાળથી છે અને તેથી તેનો કોઇ કર્તા હોઈ શકે નહિ. એક બાજુથી એક વસ્તુનું અસ્તિત્વ તમે સ્થાપન કરી શકો, બીજી બાજુથી તમે તેનું અનસ્તિત્વ કહી શકો અને જુદા જુદા સમયે તમે તેનું અસ્તિત્વ અને અનસ્તિત્વ સ્થાપન કરી શકો. જો તમારે એકજ સમયે અને એકજ બાજુથી કોઈ પણ વસ્તુનું અસ્તિત્વ અને અનસ્તિત્વ કહેવું હોય તો તમારે તે અવક્તવ્ય છે ( અર્થાત્ કહેવાય તેમ નથી ) એમ જણાવવું, કેટલાક સંજોગોમાં અસ્તિત્વનું અનસ્તિત્વનું અથવા બંનેનું સ્થાપન કરવું અસંભવિત છે, આ સપ્તભંગી નયનો અર્થ એટલોજ છે કે એક વસ્તુનું સર્વ ઠેકાણે, સર્વ સમયે, સર્વ રીતે અને સર્વ આકારમાં અસ્તિત્વ ગણી શકાય નહિ. જે વસ્તુ એક સમયે એક સ્થાનમાં હોય તેજ સમયે બીજા સ્થાનમાં હોઈ શકે નહિ. આ સપ્તભંગીનો અર્થ કેટલાક ધારે છે તેમ એમ નથી કે અમારી પાસ કાંઇ નિશ્ચિત વસ્તુ નથી. આ ઉપરથી કહેવાનું એટલુંજ છે કે જે સત્ય વાત કહેવામાં આવે તે દ્રવ્ય, દેશ, કાળ આદિની કેટલીક સ્થિતિને અનુસરીને સત્ય છે.

જૈન ધર્મનું આ એક ઉમદા લક્ષણ છે કે જ્યારે બીજા ધર્મો નિઃસંશયતાથી પોતાનો મત પ્રતિપાદન કરે છે ત્યારે જૈન ધર્મ સઘળી બાજુએથી દરેક વસ્તુ જુએ છે અને સમુદ્રની માફક દરેક વસ્તુનો અંગીકાર કરેછે અને તે સમુદ્રમાં બીજા પંથરૂપી નદીઓ ભળી જાય છે.

ત્યારે ઇશ્વર શું છે? સૃષ્ટિ બ્હારના મનુષ્યાકારના કર્ત્તારૂપ ઇશ્વરવાસ્તે જૈન ધર્મમાં જરાપણ માર્ગ નથી. સૃષ્ટિનું સામાન્ય બંધારણ આ પ્રકારના કર્તાને ન્યાયરહિત તેમ જ અસંગત ગણે છે.

પણ તે નિશ્ચયતાથી જણાવે છે કે ચૈતન્ય તેમ જ અચૈતન્ય સઘળા દ્રવ્યમાં એક સૂક્ષ્મ તત્વ રહેલું છે, જે સઘળા પર્યાયનું ( રૂપાંતરોનું ) શાશ્વત કારણ છે અને જેને ઇશ્વર કહેવામાં આવે છે.

પુનર્જન્મનો મહાન્ નિયમ તે પણ જૈન ધર્મનો એક મોટો સિદ્ધાંત છે, આ પુનર્જન્મનો સાથી કર્મનો નિયમ છે.

" જેવી રીતે બીજા પ્રતિ વર્તશો તેવી રીતે તમારાપ્રતિ વર્તાશે. મનુષ્ય જે જે વાવે છે તે તે લણશે " આ વાક્યો કર્મના ગહન નિયમથી નિકળતા અનુમાનો છે.

કર્મના જૈન ધર્મમાં આઠ ભાગ કરવામાં આવેલા છે. ( ૧ )જે સત્યના જ્ઞાનને આવરણરૂપ થાય છે તે ( ૨ ) જે દરેક પ્રકારના સદ્દર્શનને આવરણરૂપ થાય છે તે ( ૩ ) જે સુખદુઃખ આપે છે તે ( ૪ ) જે મોહ ઉત્પન્ન કરે છે તે. બીજા ચારના ઉપવિભાગ એવી રીતે પાડવામાં આવ્યા છે કે જૈન ધર્મ પ્રમાણે કર્મનો અભ્યાસી દરેક પરિણામનું કર્મ ( કારણ ) શોધી કાઢે. હિંદુસ્તાનની બીજી કોઇ પણ તત્વજ્ઞાન વિદ્યા આવી સારી અને સ્પષ્ટ રીતે કર્મનું વિવેચન કરતી નથી. જે મનુષ્ય સદ્જ્ઞાન સદ્શ્રદ્ધા ( સદ્દર્શન ) અને સચ્ચારિત્રથી સર્વ કર્મનો નાશ કરે છે અને આત્માના સ્વભાવને સંપૂર્ણ ખીલવે છે તે સંપૂર્ણતાને પ્રાપ્ત કરે છે જીન નામ કર્મના ઉદયે જિન થાય છે. દૈવી થાય છે અને જીન કહેવાય છે જે જીનો દરેક જુગમાં ધર્મ ઉપદેશે છે અને સંઘ સ્થાપન કરે છે. તેઓ તિર્થંકર કહેવાય છે, હવે જૈનોના નૈતિક સિદ્ધાંત વિષે વિચાર કરીશું. ચારિત્ર એવી રીતે પાલવાનું જણાવે છે કે જેથી આત્માની સંપૂર્ણ ઉન્નતિ નક્કી થઇ શકે તે સંપૂર્ણ ઉન્નતિ તે ઉંચામાં ઉંચુ સુખ છે. મનુષ્યના ચારિત્રની ઇચ્છિત વસ્તુ છે અને મનુષ્યના કાર્યની છેવટની અભિલાષા છે. જૈન ધર્મ પોતાની માફક સર્વ જીવતાં પ્રાણી પ્રતિ જોવાને ફરમાવે છે. ત્યારે સૌથી શ્રેષ્ઠ સુખ મેળવવાનો કયો માર્ગ છે? બ્રાહ્મણના પવિત્ર પુસ્તકો ભક્તિ અને કર્મ માર્ગ બતાવે છે, વેદાન્ત મોક્ષ મેળવવામાં જ્ઞાન માર્ગને પ્રધાનપદ આપે છે પણ જૈનધર્મ એક પગલું આગળ વધે છે અને જણાવે છે કે જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ માર્ગ મળી શકે છે.

પ્રાણાતિપાત વિરમણ અથવા જીવરક્ષા, અસત્ય વિરમણ, અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ અને પરિગ્રહ અથવા મમતા ત્યાગ–આ પાંચ જૈન સાધુઓના મહાવ્રત છે.

Patience.

# "केळवणीनुं सत्य स्वरुप."

( લેખક સાતભૈયા—અમદાવાદ, )

વ્હાલા પાઠક ગણ ! જન સમાજમાં જ્ઞાનનો ભાનુ અસ્ત થવાથી, અજ્ઞાન રૂપી અસુરે ગાઢા અંધકારમાં પોતાનું બળ અજમાવ્યું છે. આવી વખતે પાશ્ચિમાત્ય હિતચિંતક પ્રજાએ આપણી સન્મુખ કેળવણીરૂપી દીપક પ્રગટાવી આપણને કાંઇક યોગ્ય અને ઉચ્ચ પ્રતિના બનાવવા શ્રમ લીધો છે. તેમ છતાં અદ્યાપિ પર્યંત અજ્ઞાનરૂપી અંધકારનો પટ ખસેડવાનું આપણા ભાવિમાં નિર્માયું નથી. જ્ઞાનરૂપી ભાનુના ઉગ્ર અને પ્રભાવિક કિરણોથી આપણા આત્મા ઉચ્ચ અને તેજોમય બનાવવાનું આપણા ભાવિમાં નિર્માયું નથી. ત્યાં સુધી આપણને સ્હેલો અને સરળ માર્ગ સુઝતો નથી. આપણે કેળવણી લઇએ છીએ તથાપિ પૂર્ણતાવાળી લેતા નથી. આપણે શાળાઓમાં, પાઠશાળાઓમાં, કોલેજો તથા યુનીવર્સીટીઓમાં ઉચ્ચ પ્રકારની કહેવાતી કેળવણી લેઇ, પૂર્ણ કેળવણી લીધી એમ માનીએ છીએ, પરંતુ તેવા પ્રકારની ફક્ત માનસિક કેળવણીથી જ આપણે સર્વ સિદ્ધિ મેળવી શકીશું ? એક મનુષ્યના દરેક અવયવ આરોગ્ય રાખી કામે લગાડવાને બદલે ફક્ત એકજ અવયવથી કામ સાધવાની ઇચ્છાવાળા થઇશું તો શું યોગ્ય ગણાશે ? ના ! તદ્દત્ કેવળ માનસિક વૃત્તિઓને કેળવવી એ ખરી કેળવણી કહેવાશે નહિ. મનુષ્યની પ્રકૃત્તિ કેવળ મનનેજ અંગીભુત નથી પરંતુ તેનો સમાવેશ મુખ્ય ત્રણ અંગોમાં કરવો જોઇએ છે. ૧ શરીર. ૨ મન. ૩ આત્મા. અને જ્યારે આ ત્રણે અંગો સંપૂર્ણ રીતે વિકસે અને કેળવાય ત્યારે જ કેળવણીની પૂર્ણતા માની શકાય. આ ઉદ્દેશ હાલમાં અપાતી કોલેજોની કેળવણીમાં કોઇ પણ પ્રકારે જળવાતો નથી. શારીરિક, માનસિક, અને આધ્યાત્મિક ઉન્નતિ પૂર્ણ કરવી તેનું નામજ ખરી કેળવણી અને તેઓને તેમના મુળ સ્વભાવમાં ઉન્નત બનાવી ઉત્કૃષ્ટ અને શાંતિમય જીવન ગાળી શકાય, ત્યારે કેળવણીનું સત્ય સ્વરૂપ આપણે જાણ્યું છે એમ માની શકાય. કારણ શરીર સાથે મનનો અને આત્માનો એવો નિકટ સંબંધ છે કે જે સર્વે એકજ પ્રમાણમાં વિકસે નહિ, ત્યાં સુધી જીવનનું મુખ્ય કર્તવ્ય અને લક્ષ્યબિંદુ સાધી શકાય નહિ. શરીર, મન, અને આત્માનો નિકટ સંબંધ દર્શાવવા સારૂ ઇંગ્રેજ તત્વવિદ્યાના કેટલાક વિચારો હું દાખલ કરીશ. ન્યુયોર્કનો વિદ્વાન ડાક્ટર H. D. Tacques કહે છે કે " The Cultivation of

inward goodness and Serenity of temper and a life of obedience to the laws which govern our Spiritual being greatly promotes physical beauty and well-being." "સારો સ્વભાવ, ઉદારમન, અને આધ્યાત્મીક નિયમોને વશીભુતથી શરીરનું સૌંદર્ય તથા સુખાકારી વિશેષ રૂપથી વધે છે" અમેરિકાનો વિચિક્ષણ શારીરિકતત્વજ્ઞ ડાક્ટર Amarat Brighan કહે છે કે "The exercise of intellect tends to procure and perpetuate sound health." બુદ્ધિને કેળવ્યાથી તન્દુરસ્તી ઉત્પન્ન થાય છે અને તે તન્દુરસ્તીને સાચવે છે." વળી ડાક્ટર H. D. Tacques કહે છે કે "*Wherever the spiritual natutre of man has* been harmoniously developed, there will be found a healthier organisation and a purer type of face." જે માણસનો આત્મા સમાનરૂપથી પુષ્ટ થયો છે તે બીજા લોકોના કરતાં શરીરની સુખાકારીમાં તથા મુખશ્રીમાં પવિત્ર થાય છે."

ઉપરોક્ત વચનોથી સંપૂર્ણ રીતે પ્રતીતિ થઈ શકે છે કે શરીર, મન, અને આત્માની ઐક્યતાથી મનુષ્ય માત્ર ઉચ્ચત્વ પ્રાપ્ત કરી શકે છે. તે ત્રણેની શક્તિઓને કેળવવાથી, ખીલવવાથી અને સમયે સમયે યોગ્યતા મુજબ પુષ્ટિ આપવાથી દુઃસાધ્ય લક્ષ્યબીંદુ જે મોક્ષગમન તેનો માર્ગ સરળતાથી ભરપુર અને નિષ્કંટક થઈ જાય છે. પરંતુ કેવળ અધુરી રીતે માનસિક કેળવણી લીધાથીજ કેળવણીનો ઉચ્ચ અને વિશાળતાથી ભરપુર ઉદ્દેશ જળવાતો નથી કારણ કે મન તથા આત્મા પ્રત્યે શરીરનો પ્રભાવ વિશેષ દૃષ્ટિગોચર થાય છે. શરીર આરોગ્ય અને સુખાકારી હોયતો માનસિક શક્તિઓ તેમજ આધ્યાત્મિક શક્તિઓને વિશેષ બળવત્તર બનાવી શકાય છે. શરીર રૂષ્ટ પુષ્ટ નિરોગી અને બળવાન હોયતો માનસિક અને આધ્યાત્મિક વૃત્તિઓને વિશેષે કરીને તેજદાર અને સ્થિર નિગ્રહયુક્ત કરી શકાય છે. શરીરની આરોગ્યતા સિવાય, શારિરીક કેળવણી શિવાય માનસિક અને આધ્યાત્મિક શક્તિઓને કોઇ પણ પ્રકારે ઉન્નત કરી શકાય જ નહિ. શરીર રોગી, દુર્બલ યા તો ક્ષીણ થવાથી આપણા મન તથા આત્મા ક્ષીણ શક્તિહીન અને નિસ્તેજ થઇ જાય છે તેની પુષ્ટિમાં ઇગ્લાંડનો ડાક્ટર Hodgson કહે છે કે "The art of preserving the body in health can not be seperated from that of preserving the mind in

health." "શરીરની તન્દુરસ્તીની રક્ષાનો ઉપાય માનસિક સુખાકારીના ઉપાયથી જુદો થઇ શકતો નથી." અર્થાત્ શરીરની તન્દુરસ્તી હોય તોજ મન તેમજ આત્માની સુખાકારી અને ઉન્નતિ હોય, અને જો શરીરની દુર્બલતા હોય તો મન તેમજ આત્માની ક્ષીણતા અને અવનતિ સંભવે. એટલા માટેજ કેળવણીનું સત્ય સ્વરૂપ તે ફક્ત માનસિક ઉન્નતિ કરવામાંજ સમાતું નથી પણ શરીર, મન, તથા આત્મા ત્રણ મુખ્ય અંગની એકજ પ્રમાણમાં સાથેજ ઉન્નતિ કરવામાંજ સમાય છે. આવી ત્રણે પ્રકારની પૂર્ણતાવાળી કેળવણીથીજ મનુષ્ય જીવનનો ઉદ્દેશ અને લક્ષ્યબીંદુ સાધી શકાય. ઉપરોક્ત કેળવણી કોલેજોથી મળી શકે એ કેવળ અસંભવીત લાગે છે. પણ કુદરત, મનુષ્યો અને વસ્તુઓ તરફથી આપણે સંપૂર્ણ રીતે તે કેળવણી પ્રાપ્ત કરી શકીએછીએ. ઈંદ્રીઓનું સંવર્દ્ધન એ કુદરત તરફથી મળતી કેળવણી છે. તે સંવર્દ્ધનનો ઉપયોગ કરતાં શીખવું એ મનુષ્યો તરફની કેળવણી છે અને આસપાસની વસ્તુઓ પાસેથી અનુભવદ્વારા જ્ઞાન મેળવવું તે વસ્તુઓ તરફથી મળતી કેળવણી છે.

કેળવણીની પૂર્ણતા પ્રાપ્ત કરવા સારૂ ઉપર મનન કરી ગયા તેમ શારીરિક માનસિક, તેમજ આધ્યાત્મિક કેળવણીની ખાસ આવશ્યક્તા છે. હવે જે વસ્તુઓ આપણાથી તદન સ્વતંત્ર છે, જેને કાબુમાં રાખવાનું અતિ દુષ્કર છે. એવી વસ્તુઓ દ્વારા આપણે છેલી બે પ્રકારની કેળવણી પ્રાપ્ત કરી શકાએ. ઇન્દ્રિઓ એ શરીરની અંગભુત છે. તે તદન સ્વતંત્ર અને જલદ છે. તેઓને કાબુમાં રાખી અર્થાત્ ઇન્દ્રીયનિગ્રહ કરવો અતિ વિષમ છે. જ્યાં સુધી તે વિષમમાર્ગની સરળતા થઇ શકી નથી ત્યાંસુધી શારીરિક આરોગ્યતા પણ સંભવતી નથી. અને તેના અંગે માનસિક તેમ જ આધ્યાત્મિક ઉન્નતિ અને ખીલવણી પણ કેવળ અસંભવિત છે. એટલા માટે કેળવણીની પૂર્ણતા અને સત્ય સ્વરૂપ પામવા સારૂ ઇન્દ્રીય નિગ્રહની પ્રથમ અને મુખ્ય આવશ્યકતા મારા વ્હાલા વાંચકવૃંદને સ્વીકારવી પડશે. અને જ્યાં તે શક્તિ, તે ઓજસ્વી શક્તિ પ્રાપ્ત કરી કે પછી તો શીવરમણી મારા વ્હાલાવૃંદના કંઠને વિષે જ્ઞાનમાળા આરોપવાને તૈયારજ રહેશે. ને ત્યાંથી શીવવધુ સાથે મુક્તિપુરીમાં અચળ વિલાસ કરવા સારૂ પ્રયાણ કરવું ઘણુંજ સુગમ થઇ પડશે. અસ્તુ.

ૐ શાંતિ શાંતિ શાંતિ.

# बोर्डींग प्रकरण.

પૂજ્ય મુનિમહારાજ શ્રી બુદ્ધિસાગરજીના સદુપદેશથી સુરતમાં બોર્ડીંગના લાભાર્થે ટીપ થઈ હતી તે પ્રસંગે અત્રેથી ઝવેરી બાપાલાલ નાહાલશા તથા ઝવેરી ડાહ્યાભાઇ કપુરચંદ તથા બોર્ડીંગના સુપ્રીન્ટેન્ડન્ટ શંકરલાલ ડાહયાભાઇ ગયા હતા. ટીપમાં જે જે સદ્‌ગૃહસ્થોએ રૂપીઆ ભર્યા છે તેની વિગત નીચે મુજબઃ—

૬૦૧ ઝવેરી—નગીનદાસ કપુરચંદ હ—ફકીરભાઇ નગીનદાસ
૩૫૧—૦—૦ પહેલાં ભરેલા ૨૫૦—૦—૦ નવા ભર્યા.
૬૦૧ ઝવેરી ધરમચંદ ઉદેચંદ હ. જીવણભાઇ ધરમચંદ.
૧૦૧ ઝવેરી. સાકરચંદ લાલભાઈ. હ—ગુલાબચંદ દેવચંદ.
૨૦૧ ઝવેરી ઉત્તમચંદ મુળચંદ હ. અભેચંદ મુળચંદ.
૩૦૧ ઝવેરી રૂપચંદ લલ્લુભાઇ.
૨૦૦—૦—૦ પહેલાં ભરેલા—૧૦૧—૦— નવા
૧૦૧ ઝવેરી કલ્યાણચંદ ઘેલાભાઇ. હ. કસ્તુરચંદ કલ્યાણચંદ.

૧૯૦૬

આ સિવાય બાકીના જે જે સદ્‌ગૃહસ્થોના ભરાશે તેમનાં નામ હવે પછીના અંકમાં આવશે.

## બીજી આવેલી મદદ.

૨૦૦—૦—૦ શા. સાંમલદાસ હીરાચંદ.
૧૫—૦—૦ શા. પ્રભુદાસ અંબારામની વતી. શા. ગોકળભાઇ ઉમેદરામ.
૧૦—૦—૦ શા. ઘેહેલાભાઇ મનસુખભાઇ ઉમેદરામ હ. ગોકલભાઇ ઉમેદરામ.
૧૦૦—૦—૦ શ્રીજૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી સને ૧૯૦૯ ના માહે જાનેવારીથી તે એપ્રીલ સુધી ચાર માસના મદદના
૧૦—૦—૦ શા. રવચંદ ધરમચંદ. હ. કેશવલાલ ધરમચંદ.
૧૧—૦—૦ શા. ફુલચંદ ગુલાબચંદ
૫—૦—૦ બ્હેન ચંપા હીરાચંદ.
૧૦૦—૦—૦ શા. ચતુરદાસ પુરશોત્તમ
૪૦—૦—૦ શા. પ્રભુદાસ અંબારામની વતી શા. મોતીલાલ દોલતરામ હ. રતીલાલ પ્રેમચંદ.

૨૯૩—૦—૦

શાહ ખાતે–હ. ઝવેરી વાડીલાલ વખતચંદ મારફત.

ઘઉં મણ ૨૪ાા ધોળા.

શા. કચરાદાસ ડુંગરશી.

૧૫–નિરાકરણ નિર્ણયમ } આ ચોપડીઓમાં દરેકની એક એક લાયબ્રેરી
લી. જગત્કર્તુત્વ મિમાંસા } માટે બાકીની વિદ્યાર્થિને આપવાની

શ્રી જૈન વિદ્યાશાળા તરફથી શ્રીપાલ રાજાનો રાશ.

શા. વાડીલાલ મગનલાલ તરફથી રેશમી ગુલનાં પીતાંબર નં. ૧૦

માસ્તર. ઉમેદચંદ રાયચંદ. તરફથી પ્રશમરતિ.

ઉપર મુજબ જે જે સદગૃહસ્થોએ બોર્ડીંગને મદદ આપી છે તેને માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે. આ ફંડ વિષે અમોને સુચના કરવામાં આવી હતી તેથી તેની યાદી લીધી છે

---

# जीर्णोद्धार फंड.

**જીર્ણોદ્ધાર ફંડ**—સુરતખાતેના **શ્રી ધરમચંદ ઉદેચંદ જૈન જીર્ણોદ્ધારફંડમાં** કારતગ સુદી ૧ થી ચૈત્ર વદી. ०)) સુધીમાં નીચે પ્રમાણે મદદ મળી છે—રૂ. ૪૦૯) શા. જીવણચંદ લલ્લુભાઇની. કું. હ. ગુલાબચંદ ધરમચંદ બાબતે બ્હેન **લીલુ** ના પુણ્યાર્થે. રૂ ૨૦૧) શા. દીપચંદ સુરચંદ બાબતે ભાઇ સવદચંદ તથા ઠાકોરના પુણ્યાર્થે. રૂ. ૫૦) બાઇ મણીકોર શા. કલ્યાણચંદ દીપચંદની વીધવા. રૂ ૫૦) શા. હીરાચંદ દયાળચંદ મલજી ની ધણીઆણી બાઇ મગન. રૂ. ૨૫) શા. રીખવલાલ જેચંદ બાબતે ભાઇ ચંદુલાલની લગ્નની ખુશાલીમાં. રૂ. ૧૦) શાહ મોતીચંદ દીપચંદ હ. બાઇ નેમકોર રૂ. ૭ાા શા. પ્રેમચંદ સ્વરૂપચંદ રૂ. ૫) શા. વેહલાભાઇ દેવચંદ કનસારા રૂ. ૫) શા હરખચંદ સોમચંદ રૂ. ૨) શા. ધરમચંદ મોતીચંદ રૂ.૨) હાથીવાળા જેકીશનદાસ રાયચંદ રૂ. ૨) શા. અમીચંદ મોતીચંદ રૂ ૨) શા. સરૂપચંદ સાંકળચંદ રૂ ૨ ) મોહનલાલ ચુનીલાલ રૂ ૧ા શા. પુરશોત્તમ પાનાચંદ જંબુસરવાલા રૂ. ૧) શા. હેમચંદ કેસરીચંદ કરીઆણાવાલા રૂ. ૧) શા. ચુનીલાલ કપુરચંદ રૂ. ૧) શા. ઠાકોરભાઇ શીવચંદ રૂ ૧) શા. મારવાડી ગજાજી લુંબાજી રૂ. ૧) શા. પાનાચંદ મગનલાલ રૂ ૧) શા. ફુલચંદ વેહેલાભાઇ રૂ. ०ાા સા. છોટાલાલ સાકરચંદ રૂ ०ાા મારવાડી શા. ગુલાબચંદ પરાગજી. રૂ ૫) રતનચંદ દીપચંદ કુલે રૂ ७૮૫–૧૨–०.

ચોરથી બચવું છે કે ???

**આથી જૈન કોમને મગરૂર થવા જેવું નથી કે ???**

**આખી દુનિઆની સમગ્ર જૈન કોમનું સૌથી પહેલું ને મોટામાં મોટું.**

## મેસર્સ આર. સી. મહેતાનું

# તીજોરી બનાવવાનું જૈન કારખાનું.

કે જેમાં આખા હિંદુસ્તાન કરતાં પણ ઉત્તમ ને વિલાયતીના બરોબરી કરી શકે તેવી ફાયરપ્રુફ **તીજોરીઓ** બનાવવામાં આવે છે, જેનો એક નમુનો **પાલણપુર, અમદાવાદ,** તથા **વડોદરા**ના સેંકડો કારીગરો તથા હજારો માણસોની વચ્ચે ખોલી બતાવ્યા છતાં તેની ખરી ચાવીથી આઠ દિવસની અંદર ખોલી આપનારને રૂ. ૫૦૦) પાંચસોનું ઇનામ આપવાનું જાહેર કર્યું હતું, છતાં કોઇ પણ ખોલી શક્યું નહોતું. એવી રીતે **અમદાવાદમાં ગુજરાતનો મોરચો જીતી** વડોદરા ખાતે ગઇ તા. ૨૦-૪-૧૯૧૦ ના રોજ **શ્રીમંત સંપતરાવ ગાયકવાડના** પ્રમુખપણા નીચે ભરાયલા પાલણપુરના તાળાં તીજોરીના ગંજાવર પ્રદર્શનમાં સરદારો તથા શ્રીમંતોમાં માનપાન પામી આવેલી છે. જેનો જોટો હિંદુસ્તાનમાં કોઇ બનાવી શકતું નથી.

વળી અમો જૈન દહેરાસરો, જાહેરખાતાં તથા ઉપાશ્રયો માટે **ખાસ ઓછા ભાવે** તીજોરીઓ તાળાં પૂરાં પાડીશું.

સર્વોત્તમ પેડ લોક્ષ, માસ્ટર કીલોક્સ, હથીઆરો, ટેબલચેસ્ટો, તથા મજબુત ઓરડા વગેરે તૈયાર તથા ઓર્ડરથી અમારે ત્યાં હમેશાં મળશે.

આવા કારીગરો આપણી **જૈન કોમ** ધરાવે છે તો શું એ **જૈન કોમ**ને મગરૂર થવા જેવું નથી.

જૈન, ઝવેરીઓ, વેપારીઓ, શ્રીમંતો તથા દરેકે દરેક જૈનોએ આ કારખાનાનો દેશી બનાવટનો માલ વાપરવા વિનંતિ છે.

વધુ વિગત માટે મળો યા લખો.

**સોલ એજંટસ.**

**મેસર્સ એમ. એમ. વકીલની કું.**

**સ્વદેશી ફેન્સી માલના વહેપારી.**

**રીચીરોડ—અમદાવાદ.**

---

ધી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટિંગ પ્રેસ—**અમદાવાદ.**

# ચસ્મા પેબલના ચસ્મા



ખાસ વિલાયતથી મંગાવેલ ખરા **પેબલના** ચસ્મા અમારે ત્યાંથી ઘણાજ ઓછા ભાવથી મળે છે.

**વિલાયતમાં પાસ થયેલા આંખના ડાકટર બળવંતરાય નૃસંહલાલ કાનુંગા એલ. એમ. એન્ડ એસ., એલ. આર. સી. પી.** ને અમારે ત્યાંથી દાક્તરી ચસ્માની પેટીમાંથી આંખ તપાસી ચસ્માનો નંબર મફત કાઢવા માટે રોકવામાં આવ્યા છે. ચસ્માની ફ્રેમો નીકલની, એલ્યુમીનીમની, રોલગોલ્ડ, કેરેટ વીગેરેની મળે છે તથા ચસ્માનું રીપેર કામ ઘણાજ ઓછા ભાવથી કરવામાં આવે છે, મોતીઆના ચસ્મા પણ અમારે ત્યાંથી મળે છે.

અમારે ત્યાંથી લીધેલા પેબલના ચસ્માનો એક વરસ સુધી પૈસા લીધા વીના નંબર બદલી આપવામાં આવે છે.

એક વરસ પછી લીધેલા ચસ્મા અગર જુના **પેબલના** ચસ્માનો નંબર ફક્ત **રૂપૈઓ એક** લેઇ કાચ ફેરફાર કરી આપવામાં આવે છે. ખાસ જૈનના સાધુ સાધ્વીઓને માટે નફો લીધા વીના ચસ્મા આપવામાં આવે છે.

---

**ચાલુ જમાનામાં સૌથી સરસ શક્તી આપનાર ધાતુ પુષ્ટીની ગોળીઓ.**

## મેહેતાની કોમ્પાઉન્ડ ડેમીઆના પીલ્સ.

### જે વિલાયતથી ખાસ બનાવી મંગાવવામાં આવી છે.

કોમ્પાઉન્ડ ડેમીઆના પીલ્સ એ સ્વપ્નામાં કે પીસાબમાં જતી ધાતુ બંધ કરી અવયવોને તાકાત આપે છે. ગયેલી મરદાઇ પાછી બક્ષે છે. જ્ઞાનતંતુની નબળાઇ, ધાતુશ્રાવ, કમપુરૂષત્વપણું, માથાનો દુખાવો, કળતર, દમ, આંખે ચકરી આવવી વગેરે દર્દોપર જાદુઇ અસર કરે છે. વીદ્યાર્થીઓના મગજને પુષ્ટી આપી તેમની યાદશક્તિને સતેજ કરે છે. વૃધ્ધોને જુવાની લાવે છે. આ ગોળી શરીરના સર્વે દર્દોને નાબુદ કરી ટુંક સમયમાં શક્તિ આપે છે. કિંમત ૩૬ ગોળીની શીશી ૧ નો રૂ. ૧-૪-૦, ત્રણ શીશી લેનારને પોસ્ટેજ માફ. ડઝન શીશી લેનારના રૂ. ૧૨-૦-૦. નકલી માલથી સાવધ રહેજો.

**ચુનીલાલ મયાચંદ મહેતા ચસ્માવાળા,**

**ત્રણ દરવાજા નં. ૩૬૧૪—અમદાવાદ.**

# બોર્ડીંગને મદદ.

શા. વાડીલાલ મગનલાલ તથા તેમના કુટુંબ તરફથી થએલી મદદ.

૧૫૦-૦-૦ બાઇશ્રી દીવાળીબાઇ શા. વાડીલાલ મગનલાલની માતુશ્રી.
૧૫૦-૦-૦ શા. રતીલાલ વાડીલાલ.
૧૫૧-૦-૦ શા. વાડીલાલ મગનલાલ.
૫૦૦-૦-૦ શા. ચુનીલાલ મગનલાલ.
૧૦૦-૦-૦ શા. છોટાલાલ વાડીલાલ.
૧૦૦-૦-૦ વાડીલાલ મગનલાલની સૌભાગ્યવંતી પત્ની બાઇ ચંચળબાઇ.
૫૦-૦-૦ શા. કેશવલાલ મગનલાલ
૫૦-૦-૦ શા. ભોગીલાલ મગનલાલ
૧૦૦-૦-૦ મણીલાલ વાડીલાલ.

કુલ રૂ. ૧૩૫૧)

## બીજી આવેલી મદદ.

૧૦૦-૦-૦ મરનાર શા. બાલાભાઇ કાળીદાસના તરફથી તેમના વારસ શા. વાડીલાલ રતનચંદ તથા શકરાભાઇ રતનચંદ તથા મુળચંદ ચકલદાસ તથા મોહનલાલ નગીનદાસ.
૧૭-૩-૬ શા. વાડીલાલ મગનલાલ બા. વિદ્યાર્થીને બરશીચુરમાનું જમણ આપ્યું તેના બીલના થએલા.
૨૬૨-૦-૦ શ્રી જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ સહાયક મંડળ તરફથી હ. વકીલ વેલચંદભાઇ ઉમેદચંદ મહેતા.
૧૫૧—૩૦—૮૧.
૧૦-૦-૦ શેઠ ફકીરભાઇ કસ્તુરભાઇ હા. લાલભાઇ ફકીરચંદ.
શા. મોહનલાલ વર્ધમાનને ત્યાંથી પાપડ શેર. ૧૩.


## વાંચવા લાયક ઉત્તમ પુસ્તકો.

| | કીંમત. |
|---|---|
| ગુરૂદર્શન | ૦-૬-૦ |
| જ્ઞાનદીપક | ૦-૩-૦ |
| દયાનો ઝરો | ૦-૪-૦ |
| યોગ માંર્ગનો ભોમીઓ | ૦-૨-૦ |

બુદ્ધિ પ્રભાના ગ્રાહકોએ ૧૧ આનાની ટીકીટ બીડી મંગાવી લેવાં. પોસ્ટેજફ્રી.

મળવાનું ઠેકાણું.

બુદ્ધિપ્રભા ઓફીસ-અમદાવાદ.

## એક સખી જૈનગ્રહસ્થ.

અમદાવાદના ગુસાપારેખની પોળમાં રહેનાર વિસાશ્રીમાળી કોમના સખી જૈનગૃહસ્થ **શા. વાડીલાલ મગનલાલે પોતે** પોતાના તથા પોતાના કુટુંબીના નામપર પાછળ બતાવ્યા મુજબ રકમ ભરી ભરાવી આ બોર્ડીંગને રૂ. ૧૩૫૧) ની મોટી રકમ આપી પોતાની ઉદાર વૃત્તિને બહુ દીપાવી છે. તેઓની આ પહેલીજ સખાવત નથી પણ જ્યારથી આ બોર્ડીંગ શરૂ થઇ ત્યારથી જુદા જુદા પ્રસંગ નિમિત્તે જુદી જુદી જાતની મદદ કરતા આવેલા છે. **બનારસ પાઠશાળા,** તથા અત્રેનું **અનાથાશ્રમ, પાલીતાણા બાળાશ્રમ** વિગેરે અનેક ઉપયોગી ખાતાઓને તેઓએ સારી મદદ કરી છે. શેઠ સારાભાઇ વીરચંદભાઈ દીપચંદ સ્મારક સ્કોલરશીપ ફંડમાં પણ તેઓ તરફથી રૂપીઆ બે હજાર આપવામાં આવેલા છે. તેમ મહેસાણા પાઠશાળામાં પણ તેઓએ મદદ કરી છે. આવાં ખાતાંઓમાં મદદ કરવી એ અત્યારે જૈનોના ઉદયનો ઉત્તમોત્તમ માર્ગ હોવાથી, તેઓએ આ ખાતાને મદદ કરીને બીજાને અનુકરણ કરવા લાયક દૃષ્ટાન્ત આપ્યું છે. પોતાની સુકમાઇનો આવો સદ્વ્યય કરવા નિમિત્તે આ બોર્ડીંગ તેઓશ્રીનો ઉપકાર માને છે, અને ભવિષ્યમાં તેઓ જૈનોની ઉન્નતિના કામમાં વધારે દ્રવ્ય ખરચવા ઉત્કંઠિત અને સમર્થ થાઓ એવી અમારી પ્રાર્થના છે. આ ભાઇના દાખલાનું અનુકરણ કરી બીજા જૈન બંધુઓને આવાં ખાતાંઓ તરફ તેઓની દાનની પ્રણાલીકા ફેરવવા અમે ખાસ ભાર દેઇને વિનવીએ છીએ. "

આ સિવાય રૂ. ૧૦૦—૦—૦ મરનાર શા. બાલાભાઈ કાલીદાસ તરફથી તેમના વારસ શા. વાડીલાલ રતનલાલ તથા શકરાભાઇ રતનચંદ તથા મુળચંદ ચકલદાસ તથા મોહનલાલ નગીનદાસના આવ્યા.

ઉપર મુજબ તથા બોર્ડીંગ પ્રકરણમાં બતાવ્યા મુજબ જે જે સદ્ગૃહસ્થોએ બોર્ડીંગને મદદ કરી છે તેઓનો આ સ્થાને ઉપકાર માનીએ છીએ.

---

## શહેનશાહ સાતમા એડવર્ડનો સ્વર્ગવાસ.

આપણા પરોપકારી દયાવંત અને સુલેહશાંતિના ખાસ હિમાયતી શહેનશાહ સાતમા એડવર્ડના ગયા માસમાં અણચિંત્યા મરણથી સમસ્ત પ્રજા શોકાતુર થઇ છે. અને રાજભક્તિ માટે પંકાયેલી જૈન કોમ બહુ દીલગીર છે. આવા વખતે એક મહાનરની ખોટ પડી છે, પણ ભાવીને ગમ્યું તે ખરૂં. તેમના અમર આત્માને શાંતિ મળો.